
www.zalawadi.com

RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા માસિક પત્રિકા

Issue : 10, Year : 64, January, 2018, Pages : 48, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com

www.zalawadi.com

# BIO - DATA



Name : Dhaval Deepak Dagli
Birth Date/Time : 11th June 1990/ 3:10am
Birth Place : Mumbai
Height/Weight : 5.8/66kg
About me : Belonging to a close knit, open minded, respected family and thereby, family oriented person. Well educated and passionate about travelling & exploring new adventures. Flexible interms of settlement location.

## Education:

- Master's in Business Administration from University of California, Irvine, USA
- Master's in Computer Science form California Stata University, Long Beach, USA
- Bachelors in Information Technology from D.J.Sanghvi, Mumbai, India

## Job Profile:

Job Position : Business Analyst, Experian Inc., Costa Mesa, California, USA
Visa Status : H1B visa/ Green Card in processing
Email/Contact : dhavaldagli9@gmail.com/ 657-203-3112
Current Residence : Irvine, California, USA

## Religion:

Religion/Caste : Zalawadi Dashashrimali Deravasi Jain
Native Place : Dhrangadhra, Gujarat (Saurashtra), INDIA

## Family Details:

Grand Father :Lt. Vasantbhai Premchand Dagli
Grand Mother : Manjulaben Vasantbhai Dagli
Father : Prof. Dr. Deepak V. Dagli, M.Sc., Ph.D. Mumbai Vice-Principle & Head of Chemistry Department Bhavan's College, Andheri (W), Mumbai - 58
Phone: +91 9322269751. Email: alliswell789@yahoo.com
Mother : Raxa D. Dagli, B.Com, M.S.W Phone: +91 9619016766
Sister :Payal Nisarg Mehta, B.Com, MBA Finance
Phone: +91 9820740917. Email: pie1684@yahoo.com
Brother-In-Law: Nisarg Mahendrabhai Mehta, BE Mechanical, MBA Operations Vile Parle West, Mumbai, Captain at Air India, Orlando USA
Phone: +91 9820446169 Email: captainnisarg@yahoo.com
Uncle : Rajen V Dagli - 9820320673
Mosal : Lt. Pravinbhai N Shah & Lt. Vasuben P Shah (Sion)
Residence :B 22-23, Kanyakumari, MV Road, Andheri East, Mumbai 400 069
Phone: +9122 2683 7977 / 2682 0219
Office : B 14, Vivina CHS, No 2, Opp. Andheri Railway Station, Andheri (W), Mumbai- 58

**Visiting India in February 2018**

Advt.

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

# BIO-DATA



Name : **Niyati Manish Sanghavi**
Date of Birth : July 29, 1993; 1:02pm
Place of Birth : Mumbai
Height : 5'3"
Mobile : 8451946743
Education : M.A. in Psychology
(S.N.D.T University)
B. A (Hons Psychology)
K.C. College (Mumbai)
Profession : Consulting Psychologist
Caste : Vishashrimali Sthanakwasi-Jain
Native Place : Limbdi, Dist. Surendranagar

## Family Details

Grandfather : Shri Rameshchandra Jivraj Sanghavi (9321118233)
Grandmother Smt. Manjula Rameshchandra Sanghavi (9004046740)
Father : Shri Manish Rameshchandra Sanghavi (C.A.)
Mother : Smt. Nikita Manish Sanghavi
Sister : Karishma Manish Sanghavi (Std 10)
Uncle : Shri Ketan Sanghavi (Basil Chemical)
Aunt : Smt. Zankhana Ketan Sanghavi
Cousins : Yash Ketan Sangavi (B. Com, Final CA)
Tanvi Ketan Sanghavi (B. Com, Final CA)

## Mosal

Nana : Shri Hasmukhlal Khimchand Shah (Sudamda/Ghatkopar) (25002842)
Nani : Smt Manjula Hasmukhlal Shah
Mama : Shri Kalpesh Hasmukhlal Shah
: Shri Viral Hasmukhlal Shah
Mami : Smt Smita Kalpesh Shah
: Smt Shweta Viral Shah
Masa : Shri Chandresh Nagindas Gopani (Borivali) (9892108667)
Masi : Smt Nipa Chandresh Gopani (9969449728)

Residence : 601/602 A Wing, Shanti Kamal Apt, Bawalawadi,
Opp. Voltas House, Dr. B. A. Road, Chinchpokli, Mumbai-400012.
Contact : Res-02223743474
Manish Sanghavi - 9320081166
Nikita Sanghavi - 8451946742
Email : Camanishsanghavico@gmail.com

Advt.

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

# BIO-DATA

Personal Details



| | | |
|---|---|---|
| Name | : | **Aadit Dinesh Shah** |
| Date of Birth | : | 7th October 1990 |
| Time and Place | : | 10:10 AM, Ghatkopar |
| Height | : | 6'0 Feet |
| Education | : | C.F.A. (US Institute), C.A. (ICAI)<br>B. Com (R. A. Podar College) |
| Profession | : | Manager at Citigroup<br>(Previous -<br>Deloitte Haskins & Sells) |
| Religion | : | Zalawadi Sthanakwasi<br>Vishashrimali Jain |
| Native | : | Paliyad |

## Family Details

| | | | |
|---|---|---|---|
| Father | : | Dinesh Himatlal Shah | (9223433299) |
| | | Business of Dyes and Chemicals, Aadit Industrial Corporation | |
| | | 111, Yogeshwar, Kazi Sayyed Street, Masjid, Mumbai-400003. | |
| Mother | : | Jyoti Dinesh Shah, House-Maker | (9967904215) |
| Grandparents | : | Late Himatlal Maganlal Shah | |
| | | Smt. Kamlaben Himatlal Shah | |
| Parental Uncle | : | Vijaybhai Himatlal Shah | (9223432072) |
| Faiba-Fua | : | Varshaben Navinchandra Bhimani | (9820864141) |
| | | Harshaben Ashokbhai Parekh | (9820633437) |

## Maternal Family

| | | | |
|---|---|---|---|
| Mosal | : | Late Anopchand Amulakh Sheth | |
| | | Late Manjulaben Anopchand Sheth | |
| Mama | | Shailesh Anopchand Sheth, Surendranagar | (9824208640) |
| | | Ailesh Anopchand Sheth, Surat | (9327523969) |

## Contact Details:


| | | |
|---|---|---|
| Residence | : | B-19, Kailas Mahal, 353 R.B. Mehta Marg, 60 Feet Road,<br>Ghatkopar (East), Mumbai-400077. |
| Email | : | aaditshah04@gmail.com |

Advt.

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP






શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જાન્યુઆરી–૨૦૧૮
વર્ષ : ૬૪ : : અંક : ૧૧
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટેલિફોન :૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
ટાઈપસેટિંગ :મુદ્રાંકન, મુંબઈ–૪૦૦૦૯૨
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂ. ૭/–

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**
**ઑફિસના કામકાજનો સમય**
**બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦**

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*

## સારે જહાંસે અચ્છા...

સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા,
હમ બુલબુલેં હૈ ઉસકી, વો ગુલિસ્તાં હમારા...ધ્રુવ

ગુરબતમેં હો અગર હમ, રહતા હૈ દિલ વતનમેં,
સમઝો વહીં હમેં ભી, દિલ હો જહાં હમારા...૧

પરબત વહ સબસે ઊંચા, હમસાયા આસમાંકા,
વહ સંતરી હમારા, વહ પાસબાં હમારા...૨

ગોદીમેં ખેલતી હૈ, જિસકી હઝારોં નદીયાં,
ગુલશન હૈ જિનકે દમસે, રશ્કે-જિનાં હમારા...૩

હે આબે–રૂદે–ગંગા, વહ દિન હૈ યાદ તુઝકો,
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા...૪

મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના,
હિન્દી હૈ હમ, વતન હૈ હિન્દોસ્તાં હમારા...૫

યુનાનો મિસ્રો રૂમા, સબ મિટ ગયે જહાંસે,
અબતક મગર હૈ બાકી, નામોનિશાં હમારા...૬

કુછ બાત હૈ કી હસ્તી, મિટતી નહીં હમારી,
સદિયોં રહા હૈ દુશ્મન, દૌરે–જમાં હમારા...૭


ઇકબાલ કોઈ મહરમ, અપના નહીં જહાંમેં,
માલૂમ ક્યા કિસીકો, દર્દે–નિહાં હમારા...૮

**☐ મોહમ્મદ ઇકબાલ**




www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



# મહાનતા કેમ માપવી ?

❏ મનસુખલાલ સાવલિયા

મહાનતાને માપવાની માપપટ્ટી કઈ ? કઈ બાબતથી વ્યક્તિ મહાન ગણાય ? કોઈની પાસે અઢળક સંપત્તિ હોય તો માત્ર ધનવૈભવને કારણે તેને મહાન કહેવાય ? કોઈની પાસે એકહથ્થુ સત્તા (Absolute Power) હોય તો તેના પર મહાનતાની મહોર મારી શકાય ? કોઈ માણસ મહાન કુળમાં જન્મ ધારણ કરે માત્ર તેથી તે મહાન બની શકે ? કોઈ પુરુષ, આ પૃથ્વીના પટની સમસ્ત વિદ્યાઓમાં પારંગત થઈ જાય તો તેને આપોઆપ મહાનતા મળી જાય ખરી ? કોઈ વીર યોદ્ધો પોતાના ભુજબળથી વિશ્વવિજેતા બને તો એને મહાન કહીશું ? આ બધા પ્રશ્નોના જવાબ નકારમાં આવે છે. કોઈ વ્યક્તિ કેવળ વસ્તુથી મહાન નથી બની જતી પરંતુ મહાનતા તો ગુણોના ગુણાકારમાં રહેલી છે ! જેટલા ગુણો વધુ તેટલી મહાનતા વધુ ! સત્તા, સંપત્તિ, શક્તિ કે સ્વરૂપ સદ્‌ગુણોની હાજરી હોય તો જ શોભી ઊઠે છે. ગુણોના અભાવમાં એ બધાં પોલાં અને ખોખલાં છે !

ભગવાન શંકર પાસે કશું નથી. સાવ અકિંચન છે. રૂપ નથી, વિરૂપાક્ષ છે. વસ્ત્ર નથી, દિગમ્બર છે. રહેવા માટેનું ઘર નથી, અનિકેત છે. સ્મશાનમાં નિવાસ કરે છે. સ્વર્ગના બીજા દેવો તો વિમાનમાં વિહરે છે. દેવોનું સંસ્કૃતમાં એક નામ છે 'વૈમાનિક'. તેનો અર્થ થાય 'વિમાનમાં ઊડનારા'. જ્યારે શંકર પાસે તો વાહનમાં એક ઘરડો બળદ છે. આમ છતાં શંકર સૌથી મહાન દેવ છે. બધા દેવોમાં 'મહાદેવ' એ શંકરનું જ વિશેષણ છે. અન્ય કોઈ પણ દેવને મહાદેવ કહેવાતા નથી. એટલે મહાનતા પદ, પ્રતિષ્ઠા કે પૈસામાં નથી, પરંતુ ગુણોની શ્રેષ્ઠતામાં છે.

સિકન્દર વિશ્વવિજેતા થયો, પરંતુ તેથી એને મહાન ન ગણી શકાય. તેના ગુરુ ડાયોજિનસ પાસે કશું જ ન હતું, છતાં તે મહાન હતો. જેણે તૃષ્ણા અને લોભ તજ્યાં છે તે જ મહાન છે. જે ઇચ્છાઓને ઇશારે નાચે છે તે તો ભિખારી છે. જેણે ઇચ્છાઓને જીતી લીધી છે તે જ સમ્રાટ છે. કબીરસાહેબે તેથી જ કહ્યું છે :

*'જિનકો કછું ન ચાહિયે, વો શાહન કા શાહ.'*

આમ ગુણવત્તા એ જ મહાનતાનું બીજું નામ છે. બૅન્જામિન ફ્રેન્કલિન હંમેશાં કહ્યા કરતા, 'કોઈ વ્યક્તિ મહાન હોય અને ગુણવાન ન હોય તેવું આજદિન સુધી બન્યું નથી.' હીરો પણ પથ્થર છે અને મોટી મોટી શિલાઓ પણ પથ્થર છે. કદની દૃષ્ટિએ વિચારીએ તો શિલાઓ હીરા કરતાં અનેક ગણી મોટી હોય છે, પરંતુ ગુણો અને મૂલ્યના માપથી મૂલવીએ તો એક નાની હીરાકણી પણ લાખો રૂપિયાની કિંમત ધરાવે છે. સોનું ખાણમાંથી જ ખોદી કાઢવામાં આવે છે, પરંતુ સોનામાં ગુણો વધુ છે. તેમાં તેજસ્વિતા છે. નરમાશ છે. તેથી સોનાની એક કડી, લોખંડની મોટી થાંભલી કરતાં વધુ મૂલ્યવાન છે.

વસ્તુઓનો આ જ સિદ્ધાંત માવનજીવનને પણ લાગુ પડે છે. આખી દુનિયાને જીતી લેનાર સમ્રાટ કરતાં ઇન્દ્રિયોને જીતનાર સંત મહાન છે. ચારેબાજુથી ધન ભેળું કરી, કુબેર ભંડારી બની બેઠેલા લોભી ધનવાન કરતાં, પોતાની પાસે જે કાંઈ હોય તે પરહિત માટે લૂંટાવી દેનાર દાતાર, નિર્ધન હોય તો પણ મહાન છે. પોતાનાં પ્રચંડ બળ અને શક્તિઓથી ધરણી ધ્રુજાવનાર બળવાન કરતાં, લોકોનાં નાનાં નાનાં કામ કરનાર મુઠ્ઠી હાડકાનો માનવી મહાન છે ! રૂપ રૂપના અંબારથી સકળ વિશ્વને આંજી નાખનાર રૂપાળાં નરનારી કરતાં, કદરૂપા હોય પણ લોકકલ્યાણ કરતાં હોય એવા સજ્જનો અને સન્નારીઓ મહાન છે. કવિ ગોલ્ડસ્મિથે તેથી જ કહ્યું છે : 'Handsome is that handsome does.' રૂપાળા એ છે જેઓ રૂપાળાં કામ કરે છે !


માનવને મહાનતા અપાવનાર ગુણોની યાદી કરવી હોય તો લાંબી થાય. ઉદારતા, પરોપકાર, નમ્રતા, કરૂણા, મિત્રતા, પ્રેમ, ધીરજ, પરાક્રમ, સદ્‌વિદ્યા, સહાનુભૂતિ અને ક્ષમા વગેરે ગુણોથી શોભતો માનવી આકારમાં વામન હોવા છતાં પ્રકારમાં વિરાટ બને છે. સદ્‌ગુણોને ફૂલો સાથે સરખાવી શકાય. દરેક પુષ્પમાં જેમ પોતાનાં આગવા રંગ અને સુવાસ હોય છે, તેમ પ્રત્યેક ગુણની પણ અલગ અલગ સુગંધ હોય છે. પરંતુ બધાં ફૂલોને એકઠાં કરી, ઉકાળી ઘૂંટીને તેમાંથી અર્ક કાઢીએ તો એ મહેકથી તરબતર કરી દેતું અત્તર બને છે. તે જ રીતે જગતના બધા ગુણોને ઘૂંટીને એકરસ બનાવી દેવાય તો તેને 'શીલ' કહેવામાં આવે છે. આમ શીલ એટલે સર્વગુણોનો સમન્વય ! આવું શીલથી ભરેલું ચારિત્ર્ય જેના જીવનમાં સુવાસ પ્રસરાવતું હોય તેવા સજ્જનો જ મહાન છે. ભર્તૃહરીએ યોગ્ય જ કહ્યું છે : 'સંસારમાં સર્વ લોકોને વહાલું લાગે તેવું શીલ, જેના અંગમાં વિલસતું હોય તે આશ્ચર્યકારક કાર્યો કરીને મહાન બને છે. અગ્નિ તેને માટે શીતલ જલ બની જાય છે. મહાસાગર, તવાવડી થઈ જાય છે. મેરુ પર્વત નાનો પથ્થર બની જાય છે. મારનારું ઝેર જિવાડનારું અમૃત થઈ જાય છે અને ભયાનક ફણીધર સુકોમળ ફૂલમાળા બની જાય છે.'

✱ ✱ ✱

*<u>ભર્તૃહરીએ યોગ્ય જ કહ્યું છે: 'સંસારમાં સર્વ લોકોને વહાલું લાગે તેવું શીલ, જેના અંગમાં વિલસતું હોય તે આશ્ચર્યકારક કાર્યો કરીને મહાન બને છે. અગ્નિ તેને માટે શીતલ જલ બન જાય છે. મહાસાગર, તવાવડી થઈ જાય છે. મેરુ પર્વત નાનો પથ્થર બની જાય છે. મારનારું ઝેર જિવાડનારું અમૃત થઈ જાય છે અને ભયાનક ફણીધર સુકોમળ ફૂલમાળા બની જાય છે.'</u>*

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



# ગાંધીજી : રામચરિત માનસનું જીવંત ભાષ્ય

☐ પૂજ્ય મોરારિબાપુ

સ્થૂળ કે સૂક્ષ્મ કોઈપણ પ્રકારની હિંસા કરવી એ ખોટું કાર્ય છે એવી રીતે ખોટું બોલવું એ પણ સૂક્ષ્મ પ્રકારની હિંસા છે. માણસનો આત્મા અસત્ય કે હિંસાનું આચરણ કરવા માટે ક્યારેય રાજી હોતો નથી છતાં જૂઠું બોલવું પડે કે હિંસા કરવી પડે તે માટે પાંચ કારણો જવાબદાર હોય છે.

(૧) ભય (૨) મજબૂરી (૩) સ્વાર્થ (૪) કલ્યાણ (૫) અકારણ. માનવીને બીક ઘણીવાર જૂઠું બોલવા અથવા હિંસા કરવા પ્રેરે છે. જે રીતે માબાપ કે શિક્ષકના ડરથી બાળકો ખોટું બોલવા લાગે છે. અભી સચ બોલતા હૈ, અભી કુછ નહીં બીગડા, ડાંટોગે તો બચ્ચા બહાના શીખ જાયેગા. અસત્ય અથવા હિંસાનું બીજું કારણ મજબૂરી છે. કુછ તો મજબૂરીયા રહી હોગી, યું નહીં કોઈ બેવફા હોતા. મજબૂરી માણસ પાસે ગમે તે કરાવી શકે. ત્રીજું કારણ સ્વાર્થ છે. સ્વાર્થી માણસ તો શું ન કરે તે મોટો સવાલ છે. ખોટું બોલવાનું કે હત્યા કરવાનું ચોથું કારણ કલ્યાણ છે. તમને થશે કે હત્યાનું કારણ કલ્યાણ કેવી રીતે હોઈ શકે, પણ હોય છે એ હકીકત છે. કોઈ યુવતી પાછળ ગુંડાઓ પડ્યા હોય અને તે બચવા માટે આપણા મકાનમાં સંતાઈ જાય. સત્યવાદી બનીને પેલા ગુંડાઓને ન કહેવાય કે તે મારા જ ઘરમાં સંતાયેલી છે. એ વખતે જીભનું અસત્ય ભલે બોલવું પડે પણ તે જીવનું સત્ય બની જશે. રામ અને કૃષ્ણએ રાક્ષસોની હત્યા કરી એનું કારણ સમાજકલ્યાણ હતું.

રાજકોટમાં એક યુવાને મને સવાલ કર્યો હતો કે જો મહાત્મા ગાંધીજી અત્યારે બીજી વખત જન્મ ધારણ કરે તો એ કૃષ્ણને અનુસરે કે મહાવીરને અનુસરે તે જણાવો. એનો સવાલ હિંસાના સંદર્ભમાં હતો એટલે મેં તરત કહ્યું કે મહાવીરને અનુસરે, કારણ દ્વાપર યુગનાં દેશકાળને ધ્યાનમાં રાખીને કૃષ્ણએ એક સૂત્રપાત કર્યો હતો કે જે હણે એને હણવામાં વાંધો નથી. અને આ સૂત્ર તે સમયનાં સંજોગ પ્રમાણે સર્વથા યોગ્ય હશે એટલે ભગવાન કૃષ્ણનાં શ્રીમુખેથી શબ્દ બનીને બહાર આવ્યું હશે. પરંતુ જેમની રગેરગમાં અહિંસા દોડતી હતી એવા ગાંધીજી હિંસાનો વિચાર પણ ન કરે એવી મારી અંગત માન્યતા છે.

અસત્ય અને હિંસાનાં આચરણ માટે પાંચમું કારણ એવું છે જેનું કોઈ કારણ જ નથી. મારી દૃષ્ટિએ સકારણ જૂઠ કે હત્યાનું શરણ લેનારા કરતાં અકારણ જૂઠ કે હત્યાનું શરણ લેનારો વધારે ઢોંગી છે. અત્યારે આખું વિશ્વ ચિંતાતુર છે, ક્યાંક કુદરતી આફત છે તો ક્યાંક માનવસર્જીત આફત છે. અત્યારે કોઈ ચિંતામુક્ત નથી. જગત તમામ પ્રકારની આફતને ટાળી શકશે પરંતુ અસત્ય અને હિંસાની આફતથી બચવા માટે ગાંધીચીંધ્યા માર્ગે ચાલવું જ પડશે.

*મહાત્માની વ્યાખ્યા મારી સમજ પ્રમાણે કરું તો વિશ્વની આંધીમાં સત્યની મશાલ લઈને અજવાળું કરે તે ગાંધી. વિશ્વની એબ ઉઘાડી થાય તે રીતે જગતનાં શરીર ઉપર વસ્ત્ર ફાડીને સરકી જાય તે પહેલાં પ્રેમનાં ધાગાથી જેને સાંધી શકે તે ગાંધી. અને માનવીના મનની કઠોરતાને કરુણા દ્વારા કોમળ બનાવીને જે સાંધી શકે તે ગાંધી.*

ગાંધીજી જ્યારે બાળક હતા અંધારાથી ડરતાં હતા, ત્યારે રંભા નામની દાસીએ નાનકડાં મોહનને કહ્યું કે તને જ્યારે બીક લાગે ત્યારે તું રામનામનો જાપ કરીશ તો તારી બીક દૂર થઈ જશે. મને એવું લાગે છે કે બાળક ગાંધીને રંભા નામની સ્ત્રીએ કહ્યું કે રામનું રટણ કરવાથી તારો ભય ભાગી જશે અને ગાંધીજી ખરેખર ભયમુક્ત થયા તેમાં એમની રામ પ્રત્યેની આસ્થા કરતાં રંભા પ્રત્યેનો વિશ્વાસ વધુ જવાબદાર હશે.

મારી એવી સાત્ત્વિક શ્રદ્ધા છે કે ગાંધીજીનાં શૈશવમાં બનેલા આ નાનકડાં પ્રસંગે એ મહામાનવના માનસમાં ભગવાન રામ પ્રત્યેની શ્રદ્ધાનું વાવેતર કર્યું અને વખત જતાં એ બીજમાંથી મોટું વટવૃક્ષ થયું અને મહાત્મા રામચરિત માનસનું જીવંત ભષ્ય બની ગયા. પોરબંદરમાંથી એક એવો સુકાની મળ્યો જેણે ભારત નામનાં જહાજની એવી કુશળતાથી કપ્તાની કરી કે સમુદ્રનાં ભયંકર ઝંઝાવાત ફૂંકાતા પશ્ચિમનાં તોફાનો વાયરામાંથી બહાર કાઢીને સુખરૂપ કિનારે લાવી દીધું.

ગાંધીજી માણસમાંથી મહાત્મા બની ગયા. અંધારું જોઈને ડરી જાય એવા ડરપોક હતા તેમાંથી ભારતમાંથી અંગ્રેજોને ભગાડી શકે એવા નીડર બની ગયા. એમની નીડરતાનો એક દાખલો આપું તો વિનોબાજી એક જગ્યાએ એમ લખે છે કે મારા તમામ પ્રમાણપત્રો મને નિર્થક લાગ્યા એટલે એનો નાશ કરીને મેં ગૃહત્યાગ કરવાનો નિર્ણય લીધો ત્યારે મારા માટે બે વિકલ્પ હતા, એક બંગાળ અને બીજો હિમાલય.

બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિથી આચાર્ય અત્યંત પ્રભાવિત હતા. એવામાં બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયમાં એક ઐતિહાસિક સભા

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

થઈ. આ સભામાં તત્કાલીન વાઈસરોય, ભારતનાં રાજામહારાજાઓ અને પંડિતોની મોટી ઉપસ્થિતિ હતી. આ ભવ્ય સભામાં ગાંધીજીએ હાજર રહેલા રાજામહારાજાઓને કહ્યું કે તમે જે મૂલ્યવાન આભૂષણો ધારણ કરીને આવ્યા છો એ તમારી લખલૂટ સંપત્તિની નિશાની છે. તમારી સંપત્તિનો ઐયાશીમાં ઉપભોગ કરવાને બદલે ગરીબોનાં કલ્યાણમાં ઉપયોગ કરો, અમે વાઈસરોયને મોઢામોઢ કહ્યું કે તમે એવા તે કેવા પાપ કર્યા છે કે તમારે આટલું બધું ડરવું પડે છે ? જે માણસ અંદરથી ખૂબ ડરતો હોય એની સુરક્ષા માટે આટલા બધા પોલીસને હાજર રાખવા પડે.

ગાંધીજીએ બનારસમાં કરેલા હિંમતવાન પ્રવચનની આખા દેશમાં પ્રશંસા થઈ અને વિનોબાજી આ પ્રવચન વિશે સાંભળીને બંગાળ કે હિમાલય જવાને બદલે ગાંધીજીની અહિંસક સેનામાં જોડાઈ ગયા. મારો એક મનોરથ હતો કે રામચરિત માનસને મહાત્મા ગાંધીજી સાથે સાંકળીને ત્રણ રામકથાઓ 'માનસ-મહાત્મા' નામથી કરવી. એ મનોરથની પ્રથમ કથા દાંડીમાં કરી જ્યાંથી ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કર્યો હતો. બીજી કથા અમદાવાદનાં સાબરમતી આશ્રમમાં કરી જ્યાં ગાંધીજી ખૂબ રોકાયા હતા. અને ત્રીજી કથા તાજેતરમાં દિલ્હીના રાજઘાટ ઉપર કરી જ્યાં ગાંધીજીની સમાધિ છે.

મહાત્માની સમાધિ એક એવી સમાધિ છે જ્યાં કોઈ સૂતું નથી પણ જાગે છે. અને માત્ર જાગે છે એટલું જ નહીં પરંતુ પોતે જાગતા રહીને જગતને જગાડે છે. અને જગતને જગાડવા માટે એ સત્ય અને અહિંસાની આંખોથી જગતને નિહાળે છે. ગાંધીજી જ્યારે પદયાત્રા કરતા હતા ત્યારે સત્ય અને અહિંસા એમના બે ચરણ હતા. એ જ્યારે સર્જનાત્મક કાર્ય કરતા હતા ત્યારે સત્ય અને અહિંસા એમના બે હાથ હતા.

ગાંધીજી તિલક કરતા નહોતા, શીખા રાખતા નહોતા. ભગવાં વસ્ત્રો પહેરતા નહોતા. હાથમાં માળા કે કમંડળ રાખતા નહોતા. પગમાં લાકડાની પાદુકા પહેરતા નહોતા. આજે માત્ર ગુજરાત કે ભાત નહીં પરંતુ આખું જગત તેમને મહાત્મા કહે છે, એનું કારણ એ છે કે સર્વનાં કલ્યાણ માટે સ્વને હોમી દે તેનું નામ મહાત્મા.

આદિ કવિ નરસિંહ મહેતાએ લખેલું એક પદ જે ગાંધીજીને અતિ પ્રિય હતું , જેમાં કવિએ વૈષ્ણવજનાં લક્ષણોની ચર્ચા કરી છે અને એ તમામ લક્ષણો ગાંધીજીના જીવનમાં ચરિતાર્થ થતા જોઈ શકાય છે. સકળ લોકમાં સૌને વંદન કરવા સહેલા છે પણ ક્યારેય કોઈની નિંદા ન કરવી તે મહાત્મા સિવાય બીજા કોઈ માટે કદીય શક્ય નથી. ગાંધીજી એટલે મહાત્મા કહેવાયા. કારણ એમણે સત્યાગ્રહ કર્યો પરંતુ કોઈના પ્રત્યે દ્વેષ રાખ્યો નહીં. એમના જીવનમાં સંદેશ છે પરંતુ દ્વેષ નથી એટલે તો એ કહી શકે કે મારું જીવન એ જ મારો સંદેશ છે.

ગાંધીજી વિશે કલાકો બોલી શકાય અને પાનાઓ ભરીને લખી શકાય પરંતુ અંતમાં એ મહાત્માની વ્યાખ્યા મારી સમજ પ્રમાણે કરું તો વિશ્વની આંધીમાં સત્યની મશાલ લઈને અજવાળું કરે તે ગાંધી. વિશ્વની એબ ઉઘાડી થાય તે રીતે જગતનાં શરીર ઉપર વસ્ત્ર ફાડીને સરકી જાય તે પહેલાં પ્રેમનાં ધાગાથી જેને સાંધી શકે તે ગાંધી. અને માનવીના મનની કઠોરતાને કરુણા દ્વારા કોમળ બનાવીને જે રાંધી શકે તે ગાંધી. કરુણા હોય અને અહિંસા ન હોય, અથવા અહિંસા હોય અને કરુણા ન હોય તે શક્ય નથી; કારણ બંને અલગ કરવા અસંભવ છે. આમ સત્ય, પ્રેમ અને અહિંસાનો મૂર્તિમંત ત્રિરંગો એટલે મહાત્મા ગાંધીજી. રામચરિતમાનસનું જીવંત ભાષ્ય એટલે ગાંધીજી. ✶ ✶ ✶

## આચાર્ય વિજયરત્નસુંદરસૂરિએ કહેલા આ દસ સુવાક્યો

૧. પરિવારમાં જે વ્યક્તિ સમજદાર, લાગણીશીલ, જતું કરવાની ભાવનાવાળો, તેમ જ ગમ ખાઈ જનાર હોય, તેને જ પરિવારના અન્ય સભ્યો નકામો ગણી હાંસીને પાત્ર બનાવે છે. પણ હકીકતમાં એ જ વ્યક્તિનાં કર્મને કારણે જ પરિવારનાં અન્ય સભ્યો સુખ અને સંપન્ન હોય છે.

૨. જ્યાં સુધી ચૂપ રહીને બધું સહન કરતા રહીએ ત્યાં સુધી આપણે દુનિયાને સારા લાગીએ છીએ... પરંતુ એકાદ વખત પણ સાચી વાત કહી દીધી તો આપણા જેવો ખરાબ માણસ આ દુનિયામાં કોઈ નથી તેવું તે માની લેશે.

૩. દુનિયા સાથે લડી લેનારા ઘરઆંગણે જ હારી જતાં હોય છે.

૪. હૃદયથી નમવું જરૂરી છે સાહેબ... ખાલી માથું નમાવવાથી ભગવાન નથી મળતા.

૫. 'મદદ' એ ખૂબ 'મોંઘી ભેટ' છે, તેથી દરેક પાસેથી તેની 'અપેક્ષા' રાખશો નહિ. કારણ કે ખૂબ જ ઓછા લોકોના હૃદય 'શ્રીમંત' હોય છે.

૬. વૃત્તિ શ્રેષ્ઠ હોય તો કોઈ પણ પ્રવૃત્તિ શ્રેષ્ઠ જ રહેવાની.

૭. વિશ્વાસ સ્ટીકર જેવો હોય છે. બીજી વખત પહેલાં જેવો નથી ચોંટતો.

૮. પીરસાયેલાં ભોજનમાં આપણે ખામીઓ શોધવામાં વ્યસ્ત હોઈએ ત્યારે... કેટલાક લોકો સૂકા રોટલા માટે ભગવાનનો આભાર માનતા હોય છે.

૯. સાવ સરળ શબ્દ, 'સમજણ' કાનો માત્રા ક્યાં છે ? છતાં, બધામાં નથી હોતી.

૧૦. દરેક માણસ હવામાં ઊડી રહ્યો છે, તો જમીન પર આટલી ભીડ કેમ છે...


Digitalised By ITDESK SOLUTIONS LLP

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો `Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા ઉપર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશુંય સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા. નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક `Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સુરેન્દ્રનગર નિવાસી હાલ મુલુંડ વેસ્ટ, શ્રી મીરાબેન હર્ષદભાઈ ન્યાલચંદ દોશી તરફથી
- બોટાદ નિવાસી હાલ કાંદિવલી, શ્રીમતી રક્ષાબેન ભરતભાઈ અંબાલાલ દોશીના સુપુત્ર ચિ. જિનેશના શુભલગ્ન, હાલ સાયન, શ્રીમતી વસંતથા રત્નમ સુન્દરમની સુપુત્રી ચિ. પ્રિયંકા સાથે તા. ૨૯-૧૧-૨૦૧૭ના રોજ થયા તેની ખુશાલીમાં.
- વઢવાણ સિટી હાલ બોરીવલી, ડૉ. નીતિનભાઈ ખીમચંદ શાહ તરફથી
- શ્રી હસમુખ પી. વોરા (મુંબઈ) તરફથી
- ચુડા નિવાસી હાલ ઘાટકોપર, માતુશ્રી સુશીલાબેન સેવંતીલાલ શાહ, હસ્તે કાશ્મીરા જતીન શાહ

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



# સાચા અર્થમાં કલાકાર
# હેમુભાઇ ગઢવી

૧૯૬૧ની વાત છે. શિહોરમાં શ્રી હેમુભાઈ ગઢવીનો જાહેર કાર્યક્રમ હતો. આજુબાજુના પંદર ગામના લોકોને હેમુભાઈ ગઢવી એ મુળુભા બંકડા...નાછડીયા હથિયાર...શિવાજીનું હાલરડું...રાંકનું રતન...ચેલૈયાનું હાલરડું...આવાં લોકગીતો રાસડા... અને લોકસાહિત્યની વાતોથી પ્રસન્ન કર્યા.

સવારમાં રાજકોટ જવા નીકળ્યા. હેમુભાઈની સાથે એના મિત્ર હતા. એમને હેમુભાઈએ કહ્યું, 'ભાઈ, આ બાજુ આવ્યા છીએ તો મારી એક બહેન આ બાજુ રહે છે એને મળતા જઈએ.'

મિત્ર અંગત હતા એને ખબર હતી કે હેમુભાઈની કોઈ બહેન આ બાજુ નથી. પણ છતાં કોઈ કાકા–મામાની દીકરી હશે એવું વિચારી મિત્ર સાથે ચાલ્યા. બસમાં બેઠા. કાઠિયાવાડના ઢસા ગામની નજીકના એક ગામમાં ઊતર્યા. મિત્રે કહ્યું, 'બહેનનું ગામ આવી ગયું?'

હેમુભાઈએ કહ્યું, 'ના.'

ત્યાર પછી પાંચ કિલોમીટર જેટલો પગપાળા ધૂળિયો રસ્તો કાપીને આ બંને મિત્રો સાવ અંતરિયાળ એવા એક નાનકડા ગામમાં પ્રવેશ્યા. ગામના પાદરમાં જઈ બેઠેલા લોકોને હેમુભાઈએ પૂછ્યું, 'ભાઈ આ ગામમાં એક ધનીબેન રહે છે?'

'હા ભાઈ, તમે એના સગા છો?'

'હા મારી બેન થાય. હું એનો ભાઈ છું.'.

'સારું ... ભાઈ ધનીબેન એક વિધવા બાઈ છે... છોકરા અહીં આવ તો! મેમાનને ધનીબેનનું ઘર બતાવી આવ્ય.'

છોકરો આગળ થયો. ગામમાં દાખલ થતાં એક સાવ તુટલી ફૂટલી ખડકી આવી. મકાનના અર્ધા છાપરામાં દેશી નળિયા હતાં, અર્ધું છાપરું ઉજ્જડ હતું. ગાર માટીની દીવાલોનાં ગાબડાંમાં ગરીબી સમાતી નહોતી. નાના બાળકો ફળિયામાં રમતા હતા. એને હેમુભાઈએ પૂછ્યું, 'બેટા તારા બા ક્યાં છે?'

'ઈ...મારી બા...રોટલા ઘડે. બા, મેમાન આવ્યા.'

અને જેની સાડીમાં ભાતેભાતે થીંગડા ને સાક્ષાત ગરીબીએ સ્વરૂપ ધારણ કર્યું હોય એવી એક બાઈ બહાર આવી.

'કોણ?'

'હું હેમુ ગઢવી.'

બાઈ આગળ આવી. દુખણાં લીધાં.

ચા બનાવી પીધી.

અને હેમુભાઈએ ખિસ્સામાંથી પાંચસો જેટલા રૂપિયા કાઢ્યા અને પેલી બાઈને આપ્યા.

'લ્યો બેન અટાણે આટલા રૂપિયા મારી પાસે છે, પણ વિશેષ સગવડ થશે તો પાછો આવીશ.'

આંખમાં આંસુ સાથે પેલી ગરીબ બાઈએ રૂપિયા લીધા. અને બંને મિત્રોએ વિદાય લીધી.

પણ રસ્તે ચડ્યા પછી હેમુભાઈના મિત્રે પૂછ્યું, 'તમારા આ બેનને હું ઓળખતો નથી.'

મરક મરક હસતાં રૂડા મોઢાવાળા હેમુભાઈ બોલ્યા: 'હું પણ નથી ઓળખતો!'

અચંબો પામીને મિત્રે કહ્યું, 'તો પછી આ રૂપિયા...?'

અને હેમુભાઈએ જે વાત કરી એ આજના તમામ કલાકારોને પ્રેરણા આપે એવી હતી.

'ભાઈ, આકાશવાણી ઉપર મારા પ્રોગ્રામો આવે એ આ બેનના બાળકો સાંભળે અને પૂછે... બા! આ કોણ ગાય છે?'

એ બેન કહે, બેટા આ તારા હેમુમામા ગાય છે.

અને એક દિવસ આ બેનના મોટા દીકરાએ આકાશવાણીના સરનામે ત્રાંગા બાંગા અક્ષરોમાં પત્ર લખ્યો: મારા હેમુમામાને માલૂમ થાય કે મારા બાપુ મરી ગયા છે. મારી બા મજૂરી કરે છે. અમને થાય એટલું ખાવાનું નથી મળતું... તો તમે પૈસા મોકલજો.

એ કાગળ મેં વાંચ્યો અને ગામનું સરનામું લીધું. આજે પ્રોગ્રામના પૈસા મળ્યા એ બેનને આપ્યા. હું એ છોકરાનો મામો... ને તું હવે મારો મામો થા ને રાજકોટની બે ટિકિટ કપાવી લે.

આને કહેવાય એક સાચો કલાકાર.

'ચડશે ઘટા ઘનઘોર,
ગગને મેઘજળ વરસાવશે
અને નીલવર્ણી ઓઢણી ધરા સર પર ધારશે
ગહેકાટ થાતા મોરઘન
અને પીયુજન પોકારશે...
તે વખત આ ગુજરાતને
ઓલ્યો યાદ હેમુ આવશે.'

* * *

*અને હેમુભાઈએ ખિસ્સામાંથી પાંચસો જેટલા રૂપિયા કાઢ્યા અને પેલી બાઈને આપ્યા. 'લ્યો બેન અટાણે આટલા રૂપિયા મારી પાસે છે, પણ વિશેષ સગવડ થશે તો પાછો આવીશ.' આંખમાં આંસુ સાથે પેલી ગરીબ બાઈએ રૂપિયા લીધા. અને બંને મિત્રોએ વિદાય લીધી.*

સુગંધ પૂછે ઝાકળ સાથે ઘડીક રમું હું બહાર...?
કળી કહે કે થોભ જરા હું ખોલી નાખું દ્વાર...
પરોઢની પાંપણમાં સળસળ ફૂલગુલાબી પાણી...
હોઠે વહેતું પ્રભાતિયું ને હિંચકો નાખે નાની...
બધાં જ પુષ્પો મહેંકી એને વહાલ કરે છે આમ...
આ તો સૂરજનો બાબો છે, કિરણ એનું નામ...
તારાઓમાં પીંછી બોળી ચીતર્યું આખી રાત...
રંગબેરંગી પાંખો પહેરી નીકળી પડ્યું પ્રભાત.

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



# જિંદગીમાં કોઈ હાર કાયમી નથી હોતી

**❑ મોહમ્મદ માંકડ**

લગભગ છવ્વીસ–સત્તાવીસ વર્ષ પહેલાં જોયેલી એક વોલીબોલ મેચ, ત્યાર પછીનાં વર્ષોમાં મને અનેક વાર સાંભરતી રહી છે. એ વખતે હું બોટાદ હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતો હતો. હાઇસ્કૂલના કમ્પાઉન્ડમાં બે ટીમો વચ્ચે વોલીબોલની મેચ રમાતી હતી. થોડા સમય સુધી બંને ટીમો લગભગ સરખી રીતે આગળ વધતી રહે, પરંતુ પછી એકાએક જ એક ટીમ જતી હતી. એમ કરતાં એક સમય એવો આવ્યો કે રમતમાં બંને ટીમો વચ્ચેનું પ્રમાણ ૧૨ :૧ થઇ ગયું, અને પછી તો ૧૩ :૧ થઈ ગયું. મારી બાજુમાં એ વખતે, રમતગમતના રસિયા અમારા શિક્ષક મિત્ર આઇ. એમ. શાહ બેઠા હતા.એમને મેં કહ્યું, 'હવે ઊઠો, હવે તો રમત પૂરી થઈ.'

એમણે હસીને કહ્યું, હજી રમત પૂરી ક્યાં થઈ છે ? કોઈ પણ રમતમાં ગમે ત્યારે પલટો આવી શકે છે અને હારની બાજી જીતમાં પલટાઈ શકે છે. એક વિખ્યાત ખેલાડીનું વાક્ય છે કે,'ગેમ ઇઝ નોટ ટીલ ધેર ઇઝ વન.'

એમના એ શબ્દો અને ત્યાર પછી અચાનક જ વોલીબોલની એ રમતમાં આવેલો પલટો મને અનેક વાર યાદ આવી જાય છે.

જે ટીમ લગભગ હારી ગઈ હતી એ રમતને મક્કમ રીતે વળગી રહી અને કોઈક ચમત્કારિક રીતે આગળ વધવા લાગી અને આખરે કોઈ માની ન શકે એવું પરિણામ આવ્યું. જેનો વિજય નિશ્ચિત લાગતો હતો એ ટીમ હારી ગઈ અને જેનો પરાજય નિશ્ચિત લાગતો હતો એ ટીમ જીતી ગઈ. મેં પોતે જો આ જોયું ન હોત અને રમતની ઉત્તેજના ભરી પળોમાં ત્યાં હાજર ન હોત તો હું પોતે પણ માની ન શકત.રમતમાં આવી રીતે પલટો આવી શકે અને હારેલી બાજી આવી રીતે જીતી શકાય એ જલદી માની ન શકાય એવી વાત છે અને છતાં એવું બની શકે છે અને એટલે જ પેલા વિખ્યાત ખેલાડીએ કહ્યું હશે કે જ્યાં સુધી એક પોઈન્ટ બાકી હોય, ત્યાં સુધી બાજી હારી ગયા છીએ એમ માનવું નહીં.

આ વાત જિંદગીની રમતને તો સવિશેષ લાગુ પડે છે. કેટલીય વાર આપણને એમ લાગે છે કે આપણે જિંદગીની આખી બાજી હારી ગયા છીએ, પણ ખરેખર એવું કયારેય બની શકતું જ નથી., કારણ કે જિંદગીની બાજી એવી છે કે, એમાં હંમેશાં એક મુદ્દો તો તમારી તરફેણમાં હોય જ છે. તમે ઉતાવળા થઈને બાજી છોડી દો છો. જો તમે પોતે એવો નિર્ણય ન કરો તો જીતવા માટેની તક તમારી પાસે જ હોય છે.

વોલીબોલની એ મેચ જ્યારે ૧૩ :૧ અને પછી ૧૪ :૧ ઉપર પહોંચી ત્યારે એ પૂરી થઈ ગઈ છે એમ માનીને હું તો ઊભો જ થઈ ગયો હતો અને જો હું એ વખતે ઘેર ચાલ્યો ગયો હોત તો કોઈ પણ બાજી આવી રીતે પલટાઈ શકે એવો અનુભવ મને ક્યારેય થયો ન હોત.

પણ એ રમત જોઈને મને થયું કે ગમે તેવી હાર પણ જીતમાં પલટાઈ શકે છે અને એ વાત મારા મનમાં એવી સચોટ રીતે અંકાઈ ગઈ છે

*જીવનની બાજી કે જેમાં એકાદ પોઇન્ટ, એકાદ ચાલ તો સદાય આપણી પાસે બાકી જ હોય છે, તે હારી ગયા છીએ એમ શા માટે સ્વીકારી લેવું? જરા જુદી તરહથી, જુદા વિકલ્પોથી, જુદી ચાલથી, જુદા મિજાજથી તે શા માટે રમી ન લેવી?*

કે જીવનના અનેક પ્રસંગોમાં મને એ રમત સાંભરતી રહી છે. એના વિશે મેં એકથી વધુ વાર લખ્યું છે અને જીવનની કટોકટીની પળોમાં મને એમાંથી હિંમત અને ધીરજ પ્રાપ્ત થઈ છે. જીવનમાં અનેક વાર હું નિષ્ફળ ગયો છું, પરંતુ ભાગ્યે જ હારી ગયો છું.

નિષ્ફળતા અને હારમાં ફેર છે. નિષ્ફળતા બાહ્ય વસ્તુ છે, હાર અંદરની બાબત છે. સફળતા અને નિષ્ફળતા જીવનના માર્ગ ઉપર આવતા ચઢાવ-ઉતાર જેવી બાબતો છે. નિષ્ફળતા તો આવે ને જાય, પરંતુ જો તમે એને આવકાર આપીને અંદર ન બોલાવો અને હાર તરીકે એનું બહુમાન ન કરો તો તમને એ નુકસાન કરી શકતી નથી. જિંદગીની રમત એવી છે કે એમાં કાયમી હાર મળવાની શક્યતા જ નથી. એમાં અનેક નિષ્ફળતાઓ વચ્ચે પણ સફળતા માટેની એકાદ તક, એકાદ પોઈન્ટ, એકાદ ચાલ, એકાદ છેડો તો છુપાયેલ હોય જ છે. બીજી રમતમાં તમે નિષ્ફળ જાઓ ત્યારે હારી પણ જાઓ છો, પરંતુ જીવનની બાજી જો તમે ધીરજ અને હિંમતથી રમો તો હાર તમને ભાગ્યે જ સ્પર્શી શકે છે. બીજી રમતો સમયબદ્ધ અને નિયમબદ્ધ હોય છે, પરતુ જીવન તો વહેતો પ્રવાહ છે. એટલે એમાં સમયની એક જ સ્થિતિ કાયમ રહેતી નથી. અને એ જ રીતે નિયમો પણ બદલાયા કરે છે. જીવનની બાજીમાં કશું જ જડ અને અક્કડ નથી હોતું, એને તમે તમારી રીતે રમી શકો છો અને નિષ્ફળતાને બાજુ પર રાખીને બીજી દિશામાં સફળતા માટે પ્રયત્ન કરી શકો છો.

સ્વ. રાજાજી કહેતા કે મોટા ભાગના માણસો જિંદગીમાં એક જ બારણું ખોલવા માટે માથાકૂટ કરતા હોય છે અને એમાં નિષ્ફળતા મળતા નિરાશ થઇ જતા હોય છે, પરંતુ એ વખતે જો તેઓ બાજુમાં નજર કરે તો ખૂલી જાય એવું બીજું કોઈક બારણું નજીકમાં હોય છે.

આમ જીવનની રમત તમે ઇચ્છો એટલી વિવિધતાથી રમી શકો છો અને તમારી પોતાની જડતાથી તમે બંધાઈ ન જાઓ તો તેમાં જીતવા માટેની શક્યતાઓ અગણિત હોય છે બીજી રમત જેવી એ કોઇ નાનકડી કે સાંકડી રમત નથી.

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

પોતાની જીવલેણ બીમારી વિશે લખેલા 'એનેટોની ઑફ એન ઇલનેસ' નામના પુસ્તકથી વિશ્વવિખ્યાત બનેલ અમેરિકાના 'સેટર-ડે' રિવ્યુના તંત્રી નોર્મન કઝિન્સે, હૃદયરોગના હુમલાનો ભોગ બન્યા પછી પોતાની બીમારી વિશે, 'ધી હીલિંગ હાર્ટ' નામનું બીજું પુસ્તક લખ્યું છે. અગાઉ શ્રી કઝિન્સને કોલેજન નામનો જીવલેણ રોગ લાગુ પડેલ. એ રોગમાંથી સાજા થવામાં શુભ-સંવેદનાઓ અને આત્મબળનો પોતે કેવી રીતે ઉપયોગ કર્યો હતો તેની વાત 'એનેટોની ઑફ એન ઇલનેસ'માં તેમણે લખી છે. 'ધી હીલિંગ હાર્ટ'માં જિંદગીની બાજીમાં કદી હાર નહીં સ્વીકારતા માનવીનું એવું જ બીજું ચિત્ર તેમણે આપ્યું છે.

એમાં એક પ્રસંગે ડૉક્ટર એમને કહે છે કે તમારા હૃદયના લગભગ પંચોતેર ટકા સ્નાયુઓને નુકસાન થયું છે અને પચીસ ટકા સાજા રહ્યા છે, પરંતુ જ્યારે ફરી પૂછવામાં આવે છે ત્યારે ડૉક્ટરને પોતાની ભૂલનો ખ્યાલ આવતા પોતાનું નિવેદન તે સુધારે છે અને કહે છે કે હૃદયના પચ્ચીસ ટકા સ્નાયુઓને નુકસાન પહોંચ્યું છે અને પંચોતેર ટકા બચી ગયા છે.

પછી કઝિન્સના મિત્ર ડૉક્ટર તેમને પૂછે છે કે અગાઉની વાત સાંભળીને તમને ડર લાગ્યો હશે, ખરુંને ?

કઝિન્સ કહે છે, ના કેટલા ટકા બગડેલ છે તેનો વિચાર કરવાના બદલે હું તો સલામત હતું તેનો વિચાર કરીને આનંદ પામતો હતો.

આ છે, માનવીનો જીવનની બાજી તરફનો અભિગમ.

જીવનની બાજી એવી છે કે જ્યાં સુધી આપણે જીવતા હોઈએ ત્યાં સુધી આપણી પાસે એની એકાદ ચાલ, એકાદ તક, એકાદ પોઇન્ટ તો બાકી હોય જ છે અને જો આપણે તેનો ઉપયોગ કરીએ અને તેના પર અડગ રહીએ તો મોટા ભાગે બાજી ધીમે ધીમે આપણી ઇચ્છા મુજબનો ઝોક લે છે.

જીવનની બાજીની એક વિચિત્રતા એ છે કે ક્યારેય એ આપણને સાવ નવેસરથી શરૂ કરવાની નથી હોતી. વોલીબોલ, ફૂટબોલ, ક્રિકેટ, કેરમ, બધી જ રમતો આપણે નવેસરથી શરૂ કરી શકીએ છીએ એટલે જ એના અંતે હાર કે જીત હોઈ શકે છે, પરંતુ જીવનની જે બાજી આપણે રમવાની હોય છે તે આપણા પૂરોગામીઓએ ગોઠવેલી જ આપણને મળે છે એટલે જ એ વિવિધપૂર્ણ અને અનેક શક્યતાઓથી ભરપૂર હોય છે. એટલે જ સફળતાના અગણિત રહસ્યો એમાં છુપાયેલાં હોય છે એટલે જ એની કોઈ નિષ્ફળતા તમારી કાયમી હાર બની શકતી નથી. જીવનની બાજીમાં તમે અચાનક જ દાખલ થાઓ છો, કારણ કે તમારો પ્રવેશ તમારા જન્મ સાથે થાય છે, જ્યારે ઘણુંબધું ગોઠવાઇ ગયેલું હોય છે. એ જ રીતે કોઇ પણ ધંધો તમે શરૂ કરો, કોઈ પણ કામ શરૂ કરો, કોઇ પણ તંત્ર ચલાવવાનું શરૂ કરો ત્યારે તે ગમે તેવું નવું હોય તો પણ તેમાંનું ઘણું અગાઉથી ગોઠવાયેલું હોય છે. જીવનના કોઇ પણ ક્ષેત્રમાં તમે પ્રવેશ કરો કે કોઇ પણ બાજી શરૂ કરો ત્યારે તેમાં કંઇક તો અગાઉ બની જ ગયું હોય છે.

એટલે જ તમે એને ઇચ્છા મુજબનો વળાંક આપી શકો છો અને અનેક રીતે રમી શકો છો. બીજી રમતોમાં શરૂઆત અને અંત હોય છે એટલે હાર અને જીત પણ હોય છે. જીવનની બાજીમાં માત્ર રમતનો આનંદ જ હોય છે. જો તમે સમજી શકો અને પામી શકો તો ફરી ફરીને તમે તે રમી શકો, અનેક રીતે રમી શકો, નિષ્ફળતાથી નિરાશ થયા વિના રમી શકો.

પેલા વિખ્યાત ખેલાડીએ કહ્યું છે તેમ કોઈ પણ રમતમાં જો માત્ર એક જ પોઇન્ટ, એક જ તક બાકી હોય તો પણ તે જીતવાની પૂરી શક્યતા રહે છે.

તો જીવનની બાજી કે જેમાં એકાદ પોઇન્ટ, એકાદ ચાલ તો સદાય આપણી પાસે બાકી જ હોય છે, તે હારી ગયા છીએ એમ શા માટે સ્વીકારી લેવું ? જરા જુદી તરહથી, જુદા વિકલ્પોથી, જુદી ચાલથી, જુદા મિજાજથી તે શા માટે રમી ન લેવી ?

✷ ✷ ✷

## દુ:ખનું ઓસડ

જ્યારે માણસને કંઈ દુ:ખ પડે છે ત્યારે તેને દૂર કરવા માટે જાતજાતના રસ્તા શોધે છે; એટલે સુધી કે જ્યારે તેની બુદ્ધિ એનું દુ:ખ દૂર કરવાનો રસ્તો શોધી શકતી નથી, ત્યારે તે જ્યોતિષ પર તેમ જ જંતર-મંતર પર આધાર રાખવાનું શરૂ કરી દે છે.

પરંતુ દુ:ખ દૂર કરવાની જે એક અકસીર દવા છે, તે એ અજમાવતો નથી. તે દવા છે દુ:ખને શાંતિથી, મૌનથી સહન કરવું. જ્યારે તેની બુદ્ધિ યુક્તિ-પ્રયુક્તિઓ શોધવાનું બંધ કરી દે છે , ત્યારે તેની બુદ્ધિની પાછળ જે ભગવાન છુપાયેલો હોય છે તે બહાર આવે છે, અને એ દુ:ખી માણસને આશ્વાસન આપે છે.

શાંતિમાં મૌનમાં બેસવાથી માણસનું ઉદ્વિગ્ન થઈ ગયેલું મન ધીમે ધીમે સ્વસ્થ બનતું જાય છે, સરળ બનતું જાય છે અને એ સ્વસ્થતામાં, સરળતામાં એક અજબ શક્તિ રહેલી છે; કારણ કે જ્યાં સુધી માણસ પોતાના દુ:ખનો જ વિચાર કર્યા કરે છે અને તેને કોઈ પણ હિસાબે દૂર કરવાનો રસ્તો શોધ્યા કરે છે, ત્યાં સુધી એનો 'અહમ્' ફુગ્ગાની જેમ મોટો ને મોટો થતો જાય છે. એનું પરિણામ છેવટે એવું આવે છે કે તે એક જાતની ભૂલ-ભુલામણીમાં અટવાઈ જાય છે.

પરંતુ મૌન સેવવાથી મનને લાંબા વખત સુધી કશો ખોરાક મળતો નથી. તેથી મન સૂક્ષ્મ બનતું જાય છે. પછી પ્રભુ જે સર્વજ્ઞ છે તે માણસને રસ્તો બતાવે છે; જેમ કે, હોડી ચલાવનાર ખલાસી હલેસાં મારવાનું છોડી દઈ બધું રામભરોસે મૂકી દે છે, અર્થાત હવા—જે પ્રભુનો પ્રાણ છે—ને આધારે હોડી સહેલાઈથી તુફાનમાં પણ પાણી કાપતી આગળ ચાલે છે.

'તું—પ્રભુ જે કરે તે ખરું!' એ જ જીવનનો સાચો મૂળ મંત્ર છે. તેથી દુ:ખમાં પ્રભુ જે કરવા ઇચ્છે છે તે એને કરવા દઈએ. તેમાં જ આપણું ભલું રહેલું છે. પણ પ્રભુને એનું કામ કરવા માટે અવકાશ તો મળવો જોઈએ ને ? અને એ અવકાશ છે માણસના મનની શાંતિ.✷ ✷ ✷


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# દિવ્યલોકમાં પ્રયાણ

જન્મ : ૫-૮-૧૯૩૪



અરિહંતશરણ :૧૨-૧૨-૨૦૧૭

## માતુશ્રી મંગળાબેન જશવંતલાલ શાહ

ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી મયંકભાઈ શાહના માતુશ્રી તથા દિલેર દાતા, જૈન સમાજના પ્રતિભાસંપન્ન વિદ્યાપુરુષ શ્રી જશવંતભાઈ શાહના ધર્મપત્ની મંગળાબેન જશવંતલાલ શાહનું તા. ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૭ના દિને સંથારા સહિત સમાધિમરણ થયું છે.

જીવનની પળે પળ ધર્મમય આચરણ કરનારા, સાધુસંતોની સેવા, ધર્મનો પ્રસાર અને માનવતાના કાર્યો થકી પોતાના જીવનને સાર્થક બનાવનાર, બા. બ્ર. તૃપ્તિકુંવરજી મ. સ. તથા બા. બ્ર. પ્રીતિકુંવર મ. સ.ના સંસ્કારદાત્રી મંગળાબેનનો પુનિત આત્મા અનંતની વાટે ચાલી. ગયો.

માનવજાતની અહાલેક જગાવનાર આ યશોજ્વલ પરિવાર તરફથી ઝાલાવાડી સભાને કુ. તૃપ્તિ તથા કુ. પ્રીતિના નામાભિધાનથી ૨૧ લાખ રૂા.નું માતબર દાન સ્વધર્મી બંધુઓની સહાય માટે મળ્યું છે. નાલાસોપારા ઉપાશ્રયમાં નામકરણ માટેનું મોટું અનુદાન પ્રાપ્ત થયું છે. કોમ્પ્યુટરના આ યુગમાં ઝાલાવાડી સભાની તમામ વિગતોનું ડિજીટલાઈઝેશન કરવા માટે અત્યારે ચાલી રહેલા પ્રકલ્પ માટે રૂા. ૧૧ લાખનું અનુદાન તેઓ તરફથી મળ્યું છે.

ધર્મને સાચા અર્થમાં ધારણ કરનારા પૂણ્યવાન મંગળાબેને મોક્ષના માર્ગે પ્રયાણ કર્યું છે. એમનું જીવન સહુને માટે પ્રેરણાદાયી બની રહેશે.

ઝાલાવાડી સભાને પુણ્યાત્માની ખોટ પડી છે.

❑ સંધ્યા શાહ

## હરિ, હું તો એવું જ માગું મોત !

એવું જ માગું હું મોત,
હરિ, હું તો એવું જ માગું મોત !

આ થયું હોત ને તે થયું હોત, ને જો પેલું થયું હોત
અંત સમે એવા ઓરતડાની હોય ન ગોતાગોત !
હરિ, હું તો એવું જ માગું મોત !

અંતિમ શ્વાસ લગી આતમની
અવિરત ચલવું ગોત :
ઓતપ્રોત હોઉં આપ મહીં જ્યારે
ઊડે પ્રાણ કપોત !
હરિ, હું તો એવું જ માગું મોત !

કાયાની કણી કણીથી પ્રગટે એક જ શાંત સરોદ :
જોજે રખે પડે પાતળું કદીયે આતમ કેરું પોત !
હરિ, હું તો એવું જ માગું મોત !

ધનવન વીંધતાં, ગિરિગણ ચડતાં
તરતાં સરિતા સ્રોત
સન્મુખ સાથી જનમ જનમનો
અંતર ઝળહળ જ્યોત !
હરિ, હું તો એવું જ માગું મોત !

❑ કરસનદાસ માણેક

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

# ભગવાનના મિત્ર

*પેલા બાળકે નિર્મળ હાસ્ય સાથે કહ્યું,'તમે ભગવાન નથી તો ભગવાનના દોસ્ત જરૂર હશો. મેં કાલે જ ભગવાનને પ્રાર્થના કરી હતી કે મારા પગ ખૂબ જ દાઝે છે એટલે મને ચંપલ મળી જાય તો સારું. મારી વાત પ્રભુએ સાંભળી હોવી જોઈએ અને તેમણે તમને મોકલ્યા લાગે છે. તમે નક્કી ભગવાનના દોસ્ત છો.'*

પેટ કરાવે વેઠ. આ કહેવતથી આપણે સુપેરે પરિચિત છીએ. કોઈ યુવાન કે આધેડ વયની વ્યક્તિને પેટનો ખાડો પૂરવા મજૂરી કરતાં જોઈએ ત્યારે અનુકંપાનો ભાવ દિલમાં ચોક્કસ જાગતો હોય છે. એમાંય જો બાળકને જોઈએ તો દિલ કકળી ઊઠે અને આંખોના ખૂણા ભીના થઈ જતા હોય છે. એક કૂમળી વયનું બાળક બળબળતા તાપમાં બાળકોને રમવા માટેના રમકડાં વેચી રહ્યું હતું. વિધિની વિચિત્રતા તો જુઓ કે રમવાની ઉંમરે એ વૈતરું કરી રહ્યો હતો. વૈશાખી બપોર હોવાને લીધે સખત ગરમી પડી રહી હતી અને આસપાસ ક્યાંય છાંયો ન હોવાના કારણે પેલું બાળક પરસેવે રેબઝેબ થઈ ગયું હતું. ચંપલ ન પહેર્યાં હોવાને કારણે પગ દાઝી રહ્યા હતા. પગ ઉપર-નીચે કરી એ શક્ય એટલી રાહત મેળવી રહ્યો હતો. એ રમકડાં વેચીને બે પૈસા કેમ ઊભા થાય એનો સતત વિચાર કરી રહ્યો હતો.



એ રસ્તા પરથી ઘણા લોકો પસાર થઈ રહ્યા હતા, પણ બધા પોતાનામાં મશગૂલ હોવાને કારણે બાળકની પીડા પર ભાગ્યે જ કોઈનું ધ્યાન પડતું હતું. જોકે, એક યુવાનની નજર એના પર પડી અને બાળકની પીડા જોઈને એ વ્યથિત થઈ ગયો.બાળકને વકરો થાય એ હેતુથી તેણે એની પાસેથી થોડા રમકડાં ખરીદ્યા.

એની સજ્જનતા આટલેથી અટકી નહીં. બાળકના દાઝેલાં પગ જોઈને એ યુવાન તરત બાળકને લઈને સામેની દુકાનમાં ગયો. ત્યાંથી એના માપનાં એક જોડી ચંપલ લીધા અને એ બાળકને પહેરવા કહ્યું. ચંપલ પહેરવાથી પગ દાઝે નહીં એમ જણાવ્યું. આ આખીય વાત કુમળી વયના બાળકને હેરત પમાડનારી હતી. એણે તરત જ ચંપલ પહેરીને જોયાં. પહેરીને રાજી રાજી થઈ ગયો.આનંદમાં આવીને તેણે યુવાનનો હાથ પકડી લીધો અને બોલ્યો કે, 'અંકલ તમે ભગવાન છો?' યુવાન બે ઘડી માટે ચોંકી ગયો અને પછી હસીને એને માથે હાથ ફેરવીને બોલ્યો કે, 'ના રે ના દીકરા, હું કંઈ ભગવાન નથી.' પેલા બાળકે ફરી એ જ નિર્મળ હાસ્ય સાથે કહ્યું,'તમે ભગવાન નથી તો ભગવાનના દોસ્ત જરૂર હશો. મેં કાલે જ ભગવાનને પ્રાર્થના કરી હતી કે મારા પગ ખૂબ જ દાઝે છે એટલે મને ચંપલ મળી જાય તો સારું. મારી વાત પ્રભુએ સાંભળી હોવી જોઈએ અને તેમણે તમને મોકલ્યા લાગે છે. તમે નક્કી ભગવાનના દોસ્ત છો.' આ વાત સાંભળીને યુવાન ગળગળો થઈ ગયો અને એને ગળે વળગાડીને ત્યાંથી નીકળી ગયો. આખે રસ્તે એના મનમાં એક જ વિચાર ઘૂમરાઈ રહ્યો હતો કે ભગવાન થવું સહેલું નથી, પણ ભગવાનના મિત્ર તો ચોક્કસ બની શકાય છે. ✷ ✷ ✷




## નવા વર્ષે...નવું વરસો...

*તમારા નામ પર કુદરતની એવી મહેર આવે*
*કે તમને પોંખવા આખા ને આખા શહેર આવે*
*જગત આખાએ વરસાવી તે શુભેચ્છાઓ*
*થઈને એકઠી કાયમ તમારે ઘેર આવે*
*તમે સફળતા સતત પામતા રહો ને છતાં*
*ન થાય કોઈને ઇર્ષા, ન વેરઝેર આવે...*
*તમારે ત્યાં ફરી લઈને જનમ, મઝા કરવા*
*વીતી ગયેલી એ પેઢીઓ એકોતેર આવે*
*તમારો સાથ જે પામે તે થાય ધન્ય, અને*
*તમારું નામ લેવાથી જ સહુને લહેર આવે*
*તમે ભીનાશને પ્રસરાવો રોજ, જે રીતે*
*નદીઓમાંથી સૂકા ખેતરોમાં નહેર આવે*
*તમારા જેવાની સંગતની ફલશ્રુતિ રૂપે*
*અમારા જેવાને હોઠે ગઝલના શેર આવે.*

**મુકુલ ચોકસી**



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com




# ગંગા–જમુના

❑ ગીરિશ ગણાત્રા



ઓશરીના એક ખૂણે બૅગ અને નાનકડું બેડિંગ મૂકી મીઠુભાઈ હીંચકે બેઠા અને માથા પરની સફેદ ટોપી કાઢી તકિયા પર હજુ મૂકે ત્યાં  પાણીનો લોટો લઈ મીઠુભાઈની સામે ધરતાં કંચનબહેને અધીરાઈથી પૂછી નાખ્યું :

'બહુ રોકાવું પડ્યું મુંબઈમાં ?'

'હા,' કહી એક શ્વાસે ઊંચેથી લોટામાંથી પાણીની ધાર ગટક્ ગટક્ ગળામાં ઠાલવીને ખાલી લોટો પત્ની સામે ધરતાં કહ્યું :

'જેઠુભાઈની તબિયત બે'ક મોળી છે !'

'અહીંથી ત્યાં લઈ ગયા ત્યારેય મોળી હતી. તે મુંબઈના ડૉક્ટરોએ પછી શું કહ્યું ?'

'પહેલ દિવસે તો કંઈ નિદાન ન થયું પણ રાતે ભાઈને આખા શરીરે ચળ ઊપડી. ઘસડી ઘસડીને લાલ લાલ ઢીમચાં કરી નાખ્યાં. પેશાબ થાય નહિ ને ડીલ આખું ધગધગે. પછી વહેલી સવારે ડૉક્ટર આવ્યા. એના પછી બીજા આવ્યા. ત્રીજા આવ્યા ને પછી જાતજાતની પરીક્ષાઓ થઈ...'

'એ ખરું, પણ ડૉક્ટરે કહ્યું શું એ ક્યો ને !' વળી અધીરાઈ પકડી કંચનબેન હીંચકા પર બેસતાં બોલ્યાં.

'ભાઈની બંને કિડની ફેઈલ છે...'

'તયેં ?'

'અત્યારે તો ડાયાલિસીસ પર રાખ્યા છે. શરીરમાં મળ-મૂતરનું ઝેર ફેલાઈ ગયું 'તું. હવે એક મશીનથી આ મળ શરીરમાંથી કાઢવો પડે છે.'

'કેટલા દી રે'વું પડશે અસ્પતાલમાં ? પ્રમીલાભાભી રાત રોકાતાં હશે નંઈ ?'

'ઈ તો કેમ કે'વાય કે કેટલા દી રે'વું પડશે ! ભાભી તો ચોવીસે કલાક ત્યાં જ રે છે.' પછી અટકીને કહ્યું, 'ચાર પાંચ દી કેડ્યે પાછું મારે જવું પડશે.'

'કેમ ભલા ! આ જઈ આવ્યા ને ચાર દી રોકાઈ આવ્યા તે ને વધ્યું ?'

'જવું પડે.' મીઠુભાઈએ કહ્યું. 'આવે વખતે તો ખાસ જવું પડે. ગમે તેમ તોયે મારો મોટો ભાઈ છે, એટલે જવું પડે.'

'મોટા ભાઈ જેવું રાખ્યું છે કે દા'ડે ? આ તો લોકલાજે ભાઈ કે'વાય, બાકી આપણી હારે ભાઈભાંડુ જેવો વે'વાર રાખ્યો છે, ક્યે દિવસે ? એક જ ગામમાં રહીએ છીએ તોય ?'

'સુખમાં ભલે કોઈ વે'વાર ન હોય, પણ દુ:ખમાં તો સગપણના સંબંધો આડા આવે. જો ન જઈએ તો... ઠીક, હવે થાળી કાઢ્ય.'

મીઠુભાઈએ ટુવાલ કાઢ્યો ને બાથરૂમ ભણી ચાલ્યા.

નાહીને લેંઘો-ઝભ્ભો પહેરી બેઠાં કે કંચનબહેને ફરી સવાલ પૂછ્યો :

'ક્યાંય બહાર જવું છે ?'

'જરા દુકાને આંટો મારતો આવું !'

'દુકાનની શું કામ ચિંતા કરો છો ? મનિયો છે, કાકુ છે ને રવજી તો ખરો જ, થાક્યાપાક્યા ગાડીની મુસાફરી કરીને આવ્યા છો તો જમીને આરામ કરોને ? મનિયો બધું સંભાળે છે ને !'

'આપણાની તો મને કોઈ ચિંતા નથી પણ પ્રમીલાભાભીએ કહ્યું છે કે તમારા ભાઈના સ્ટોરનું જરા જોજો...'

*'બહેન મેં તો તારે માટે કંઈ નથી કર્યું, તોય તું મને મારું હેવાતન પાછું આપવા તૈયાર થઈ છે. બીજું તો તને શું કહું? હું આજ સુધી એમ ફાંકો રાખતી હતી કે હું મોટી છું ને તું નાની છે, પણ આજે નાના મોટાનો ભેદ મને તેં પરખાવી દીધો. તું મોટી ને હું...'*

'ઓહોહો ! હવે બધું યાદ આવ્યું એ સગપણની પૂંછડીને ? આવડો મોટો ભાઈ જેવો ભાઈ બેઠો'તો તોય મોટો સ્ટોર કર્યો તો નોકરના ભરોસે. ભાઈને તો પૂછ્યુંય નહોતું. છોકરાંછૈયા વિનાની એ વાંઝણીને દેરના બે દીકરા યાદ ન આવ્યા...' કંચનબહેનની જીભે ધાણી ફૂટતી હતી.

પણ કંચનબહેનના આ બળાપાને કારણ નહોતું એમ તો ન જ કહી શકાય.

આજથી દસ–બાર વરસ પહેલાં બન્ને ભાઈઓ આફ્રિકા છોડીને દેશમાં આવ્યા ત્યારે આફ્રિકામાં ભાગીદાર રહેલા નાના ભાઈને દેશના ધંધામાં જેઠુભાઈએ ભાગીદાર ન બનાવ્યો. આફ્રિકામાં તો બધા સાથે રહેતા હતા પણ દેશમાં આવતાં જ એને જુદું ઘર લેવાનું કહી દીધું. પરદેશમાં બન્ને ભાઈઓ એક સંપથી ધંધો કરતા ને સાથે રહેતા, પણ માદરે વતનમાં નોખા થઈ ગયા. જોકે, કંચનબહેનને તો નોખાપણું ગમ્યું હતું, કારણ કે જેઠાણીની દાદાગીરી એણે બહુ સહન કરી હતી. એને એકેય છોકરું ઊછર્યું નહિ, એટલે એની રીસ દેરાણીના છોકરાં પર ઊતરી. ધંધામાં મોટા ભાઈનો હાથ ઉપર હતો એટલે મીઠુભાઈ કે કંચનબહેન દબાઈને રહેતાં. હવે જ્યારે ધંધો અને ઘર નોખાં નોખાં થઈ ગયાં ત્યારે કંચનબહેને તો ખુશ થવા જેવું હતું, પણ જેઠ–જેઠાણીએ આફ્રિકાના ધંધાની કમાણીમાંથી માત્ર નહિ જેવો જ ભાગ આપ્યો ત્યારે કંચનબહેનને જ નહિ, મીઠુભાઈને પણ ઓછું આવી ગયું હતું. એમાંય જ્યારે મોટા ભાઈએ મોટો ડિપાર્ટમેન્ટ સ્ટોર કર્યો ત્યારે નાના ભાઈના છોકરાને ભાગીદાર બનાવી પળોટવાને બદલે, આફ્રિકાની દુકાનના નોકર તરીકે રહેલા ઉમર ઓસમાણને બે આની ભાગીદાર બનાવ્યો ત્યારે મીઠુભાઈ લગભગ રડી પડ્યા હતા.

દેશમાં આવ્યા પછી કપડાંલતા ને ઘરેણાંનો ઠાઠ કરી સગાંવહાલાંઓમાં મોટાઈની છાપ મારી રહેલી જેઠાણીએ દેર–દેરાણીને વગોવવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. આ કારણે, એક જ ગામમાં ધંધો કરતા બન્ને ભાઈઓ વચ્ચે બહુ વ્યવહાર રહ્યો નહોતો. માત્ર એક જ લોહીને કારણે ઉપરછલ્લો વ્યવહાર હતો–અને એય તે સારામાઠા પ્રસંગો પૂરતો જ. જોકે, એ પછી

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

મીઠુભાઈના બન્ને જુવાન છોકરાઓએ પોતાનું પાણી બતાવી બાપના ધંધાને વિકસાવ્યો ને માને પણ મોટા ભાભુ જેટલાં ઘરેણાંથી લાદી દીધી, પણ કંચનબહેનને લાગેલો પેલો ઘા એમ કંઈ રુઝાય એવો નહોતો.

ચાર દહાડા પછી પ્રમીલાભાભીનો જેવો તાર આવ્યો કે મીઠુભાઈએ બૅગ તૈયાર કરી. દુકાનેથી સારી એવી રકમનો ઉપાડ કર્યો ને પહેલું પ્લેન પકડી મુંબઈ આવ્યા. મુંબઈ આવ્યા પછી ત્રીજે દિવસે મીઠુભાઈએ તાર કરી, પત્નીને પ્લેન દ્વારા મુંબઈ બોલાવી લીધી.

ઍરપોર્ટ પર લેવા આવેલા મીઠુભાઈને લાઉંજમાં જ કંચનબહેને પૂછી લીધું : 'કેમ તાર દીધો ? ભાઈની તબિયત કથળી છે ?'

'તબિયત તો એવી જ છે, પણ તને એટલા માટે બોલાવી છે કે...કે...કે તું મારું અર્ધું અંગ છે.'

'એટલે ?'

'એ બધું હોસ્પિટલે ગયા પછી. અહીંથી સીધાં હોસ્પિટલે જઈશું ને પછી મામાને ત્યાં. હું ભગુમામાને ત્યાં ઊતર્યો છું. ત્યાં જ તને સરખી વાત કરીશ.'

દેરાણીને આવેલી જોઈ, જેઠાણી એના ખભે માથું મૂકી રડી પડી. પથારીમાં સૂતેલા જેઠે પણ ગળગળા થઈ આવકાર આપ્યો. હૉસ્પિટલનું વાતાવરણ જ એવું હોય છે કે ભલભલા પથ્થરહૃદયના માણસને પણ પીગળાવી દે. આટલાં વરસ આફ્રિકામાં ભાઈભાભી સાથે રહેલાં મીઠુભાઈ અને કંચનબહેન કૂણાં ન પડે એ તો બને જ નહિ. આખો દિવસ હૉસ્પિટલમાં રહ્યા પછી રાત્રે પતિપત્ની ભગુમામાને ઘેર આવ્યાં ત્યારે જમીને મીઠુભાઈ પત્નીને અગાસીમાં લઈ ગયા અને કહ્યું,

'જો કંચન એક ખાસ વાત કહેવી છે.'

'એ તો મને ખબર છે. ઍરપોર્ટ પર જ તમે અર્ધાંગનાની કે એવી વાત કહી ત્યારે થયું કે તમારે મને કંઈક કહેવું છે. બોલો, શું વાત છે ?'

'વાત જાણે એમ છે કે ભાઈની બન્ને કિડનીઓ ખલાસ થઈ ગઈ છે.'

'તે ?'

'એટલે, આ ડાયાલિસીસ વડે શરીરનું મળ-મૂતર નીકળે, પણ અઠવાડિયામાં બે–ત્રણ વખત એ કરાવવું પડે.'

'તે કરે, એમાં આપણે શું કરી શકીએ ?'

'પણ એમ કંઈ જિંદગી જીવાય નહિ. જિંદગી જીવવા માટે એક કિડની તો જોઈએ જ.'

'હોસ્પિટલમાં કોક વાત કરતું'તું કે જો કોઈની કિડની બેસાડવામાં આવે તો...' ને કંચનબહેન બાકીનું ગળી ગયાં.

'એમ કાંઈ કિડની સહેલાઈથી મળે નહિ. ગમે એટલો પૈસો ખરચીએ પણ એ મળવી મુશ્કેલ. ને મળે તોય, બ્લડ ગ્રુપ એક જ જોઈએ. ભાઈના શરીરનાં લોહીને મળતી આવે એવી કિડની જોઈએ. બીજી બેસાડીએ તો એ ફેઇલ જાય.'

'હં...' કંચનબહેન વિચારમાં પડ્યાં.

મીઠુભાઈએ હવે નાજુક પ્રશ્ન છેડ્યો :

'માણસને જીવવા માટે, એક જ કિડની જોઈએ, એક કિડની હોય તોય આખી જિંદગી બસ થઈ પડે. ગઈકાલે મોટા ડૉક્ટરે બધું સમજાવ્યું'તું. એની ઈસ્પિતાલમાં એક નરસ છે. એને બતાડી. એને એક જ કિડની છે છતાંય વરસોથી જીવે છે. ભગવાને માણસને બે કિડની આપી છે, પણ એ બેય કિડનીઓ વારાફરતી કામ કરે, પણ જરૂર પડ્યે એ કોઈ બીજાને આપી શકે એટલા માટે બે આપી છે. બાકી, એકથી પણ ચાલે. ખુદ મોટા ડૉક્ટરે બધી વાત સમજાવી.'

'તમે કે'વા શું માગો છો ?'

'મારે તને વધુ કે'વાનું પણ શું હોય ? આમેય ચાળીસ વરસ થયાં. હવે જીવવું કેટલું ? તો કે બીજાં ચાળીસ વરસ. બહુ બહુ તો પચાસ વરસ. આ બાકીનાં ચાળીસ–પચાસ વરસ ચપટી વગાડતાં આમ નીકળી જાય–એક કિડનીના જોરે.'

'એટલે ?'

'એટલે હવે, તને વધુ સમજાવવું પડે એમ નથી. અમારા બે ભાઈઓનાં લોહી એક છે. પણ મારે તને પૂછવું પડે એટલે બોલાવી છે. બોલ હવે, તું શું કહે છે ?'

કંચનબહેન થોડી વાર ચૂપ રહ્યાં ને પછી બોલ્યાં :'તમારાં ભાઈભાભીએ તમારે માથે આટઆટલી વિતાડી છે તોયે તમે આ...આ બોલો છો ?'

'ગાંડી, હું તડકાને યાદ નથી કરતો. થોડોઘણોય જે છાંયડો મળ્યો છે એને યાદ કરું છું. બાપુજી મરી ગયા પછી આમેય મારું હતું કોણ ? દેશમાં એકલો એકલો અથડાતો હતો એટલે ભાઈએ આફ્રિકા બોલાવી લીધો. ટપલી મારીને ધંધો શિખવાડ્યો. તને જોવા ઠેઠ આફ્રિકાથી ઊડીને દેશમાં આવ્યાં ને તને પસંદ કરી. આપણાં લગ્ન કરાવ્યાં ને હાર્યે રાખ્યાં. બસ, જિંદગીમાં આટલોય છાંયડો આપ્યો એને મેં નોંધ્યો છે. પછીના તડકાને કે તાપને હું યાદ કરતોય નથી. ભાઈની આવી હાલત જોઈ એનો ગણ યાદ કરું છું.'

'ને આટઆટલા અવગણ કર્યા એનું શું ?'

'અરે ગાંડી, એક બટકું રોટલાનો ગણ તો શેરીનું કૂતરુંયે ભૂલતું નથીને એટલે એ ભસતું નથી. તો પછી, આપણે રહ્યા માણહ-જાત. આપણે એ ભૂલી જશું ?'

પત્નીની બધી દલીલો સામે મીઠુભાઈએ 'નાનકડા ગણ'ની વાત કરીને એને જ્યારે ટાઢી પાડી ત્યારે કંચનબહેને કહ્યું :

'તમારી વાત મને બહુ સમજાતી નથી કે ગળે ઊતરતી નથી, પણ છતાંય, મને તમે કાલે મોટા ડૉક્ટર પાંહે લઈ જાઓ. એની સાથે વાત કર્યા પછી હું તમને કહું.'

'ચોક્કસ, ચોક્કસ.' મીઠુભાઈ ઉત્સાહથી બોલ્યા : 'તું મળજે ને એને. બહુ મોટા હોશિયાર ડૉક્ટર છે. અમેરિકામાં ભણ્યા છે ને ત્યાં આવાં બહુ ઑપરેશન કર્યાં છે. બહુ વિદ્વાન માણસ છે.'

ડૉક્ટરે કંચનબહેનને આખું શરીરશાસ્ત્ર સમજાવ્યું. કિડનીની અટપટી રચના અને કાર્ય સમજાવ્યું ને ખાતરી પણ આપી કે એક જ કિડનીથી માણસ જિંદગી જીવી શકે છે, એને ઊની આંચેય નથી આવતી.

આ બધું કંચનબહેન કેટલું સમજ્યાં એ તો એક કંચનબહેન જ જાણે, પણ મોટા ડૉક્ટરની કૅબિનમાંથી બહાર નીકળી એ જેઠાણી પાસે આવ્યાં ત્યારે એને વળગીને કહ્યું :

'ભાભી, તમને મારો વર નથી આપતી, પણ તમને તમારો દીકરો આપું છું. બસ, આટલું ધ્યાન રાખજો.'

દેરાણીને વળગી વળગીને રડતી જેઠાણીએ રડતાં રડતાં કહ્યું :

'બહેન મેં તો તારે માટે કંઈ નથી કર્યું, તોય તું મને મારું હેવાતન પાછું આપવા તૈયાર થઈ છે. બીજું તો તને શું કહું ? હું આજ સુધી એમ ફાંકો રાખતી હતી કે હું મોટી છું ને તું નાની છે, પણ આજે નાના મોટાનો ભેદ મને તેં પરખાવી દીધો. તું મોટી ને હું...'

'ભાભી, હવે એવું બોલી મને પાપમાં ન પાડો. તમે મોટાં છો તો મોટાં જ રહેજો ને અમારે માથે છાંયડો વેરતાં રહેજો !'

તે દિવસે ગંગા-જમનાના નીર ક્યારેય નહોતાં એવાં સ્વચ્છ ને નિર્મળ બની રહ્યાં.

✷ ✷ ✷


Digitalised By ITDESK SOLUTIONS LLP

# ભૂલવું છે, પણ બધું ક્યાં ભૂલી શકાય છે !

નફરત ભૂલવી સહેલી છે, પ્રેમ ભુલાતો નથી. દુશ્મની ભૂલવી અઘરી નથી, દોસ્તી જ ભૂલાતી નથી. હસવું ભૂલવામાં બહુ તકલીફ નથી પડતી, રડવું આસાનીથી વિસરાતું નથી. ખરાબ હોય એને તો ખંખેરી નાખીએ, પણ સારું હોય એનું શું ? સ્મૃતિ એ કાંઈ એવી પાટી નથી કે જેના ઉપરથી બધું ભૂંસી શકાય, અમુક અક્ષરો ભૂંસ્યા પછી પણ ઊપસી આવતા હોય છે. પાણી પર અચાનક કોઈ પરપોટો સર્જાય છે. એ પરપોટો ફૂટે ત્યારે વેદના થાય છે. કેટલાક પરપોટાને આપણે હાથમાં ફોડી નાખવાના હોય છે, કેટલાક પરપોટાને હથેળીમાં રાખી માણવાના હોય છે. એની રીતે જ એ ફૂટી જવાના છે. પરપોટાનું આયુષ્ય ટૂંકું હોય છે. ફૂટવું એ પરપોટાનું નસીબ છે. પરપોટો ફૂટે એ પહેલાં એ માણી લેવો જોઈએ. આપણી તકલીફ એ હોય છે કે આપણે પરપોટાના અસ્તિત્વને માણતા નથી અને એ ફૂટી જાય પછી એને વાગોળતા કે કોસતા રહીએ છીએ !

તમને કોઈ કહે કે તમારે શું ભૂલી જવું છે તો તમે કઈ ઘટના કે સમયને યાદ કરો ? જિંદગીમાં અજુગતું, અણધાર્યું અને અકલ્પનીય બનતું રહે છે. બચપણ બધાને વહાલું લાગતું હોય છે. કદાચ એનું એક કારણ એ પણ હોય છે કે બચપણનું બધું યાદ હોતું નથી. બચપણની તમામે તમામ ક્ષણ યાદ હોત તો ? કુદરતે માણસને સૌથી મોટી શક્તિ જો કોઈ આપી હોય તો એ છે ભૂલી જવાની ક્ષમતા. બધું જ યાદ રહેતું હોત તો માણસ કદાચ પાગલ થઈ જાત ! બધું યાદ રાખતા હોય એની જિંદગીમાં એવી ક્ષણો આવે છે જ્યારે એ બધું જ ભૂલી જાય છે. પાગલખાનામાં જઈને તપાસ કરજો. ક્યા પાગલને ભૂતકાળ યાદ હોય છે ? મગજમાં પણ એક મેમરી કાર્ડ હોય છે, એ ઓવરલોડેડ થઈ જાય તો કરપ્ટ થઈ જાય છે. બધું જ ભૂંસી નાખે છે અને માણસ મેન્ટલ હોસ્પિટલનો એક કેસ બનીને રહી જાય છે.

કુદરતે માણસને પેન્સિલની સાથે એક રબર પણ આપેલું છે. દરરોજ થોડું થોડું ભૂંસતા રહેવું પડે છે. બધું ભૂલી કે ભૂંસી શકાતું નથી. અમુક ઘટનાઓની છાપ ભૂંસી શકાતી નથી. રબરથી ચેકી નાખીએ તો પેન્સિલના અક્ષર ભૂંસી શકાય, પણ કાગળ ઉપર જે અક્ષરો ઊપસી ગયા હોય એને કઈ રીતે ભૂંસવા ? આમ જુઓ તો બધું જ ભૂલી જવાની જરૂર પણ શું છે ? યાદ રાખવા જેવું વાગોળતા રહેવું એ પણ જિંદગીનો મધુર હિસ્સો છે. બધા સ્મરણો સ્વીટ નથી હાતાં. કેટલાંક કડવાં હોય છે. થોડાંક ખાટાં, ખારાં, તીખાં કે તૂરાં હોય છે. બધાં એક જ સરખાં હોત તો જિંદગીની મજા પણ થોડી હોત ?

એક છોકરા અને એક છોકરીની આ વાત છે. બંને કૉલેજમાં સાથે ભણે. બંને વચ્ચે ગાઢ દોસ્તી. એકબીજા વગર જરાયે ન ચાલે. એક વખત છોકરાએ છોકરીને પૂછ્યું, આપણે પ્રેમમાં છીએ ? છોકરીએ કહ્યું, હા આપણે પ્રેમમાં છીએ. આપણે આઈલવ યુ કહેતાં નથી, કારણ કે આપણને બંનેને ખબર છે કે આપણે લગ્ન કરી શકવાનાં નથી. તારા અને મારા સંજોગો જુદા છે. મન મળતું હોય ત્યારે બધું ક્યાં મળતું હોય છે. છોકરાએ કહ્યું, આઈ લવ યુ, ત્યાં સુધી જ્યાં સુધી આપણે સાથે છીએ. છોકરીએ પૂછ્યું, પછી ? છોકરાએ કહ્યું, પછી નિયતિમાં લખ્યું હશે એ. છોકરીએ બીજો સવાલ કર્યો, મને ભૂલી શકીશ ? છોકરાએ કહ્યું, હું ભૂલવા માટે નહીં, યાદ રાખવા માટે પ્રેમ કરું છું. બંને રોજ એકબીજામાં જીવતાં. આખરે છૂટાં પડવાનો દિવસ આવ્યો. છોકરીએ હસીને કહ્યું, અન્ન-જળ પૂરાં ? છોકરાએ કહ્યું, એવું નહીં કહેવાનું, આપણે આપણાં પૂરતાં અન્ન-જળ જીવી લીધાં. બધું જ યાદ રાખજે. બસ, આજનો સમય ભૂલી જજે. બંને પ્રેમથી છૂટાં પડ્યાં.

માણસ આસાનીથી મળી શકતો હોય છે, પણ સહજતાથી છૂટો પડી શકતો નથી. પ્રેમ પહેલી નજરે થતો હોય છે કે કેમ એ તો ખબર નથી, પણ છેલ્લી નજરે જો પ્રેમ હોય તો એ કદાચ સાચો પ્રેમ હોય છે. જેને પોતાનો પ્રેમ નથી મળ્યો એવી એક છોકરીએ કહ્યું હતું કે, તમે જેને પ્રેમ કરતા હોવ એ તમને ન મળે એ જિંદગીની સૌથી મોટી કમનસીબી છે. હા, એવું હોતું હશે. આપણે જેટલો પ્રેમ મળ્યો એને કેમ સદ્‌નસીબ માની શકતા નથી ? કદાચ આપણને પ્રેમ નહીં, પઝેશન જોઈતું હોય છે. કબજો જોઈતો હોય છે. એ મળી જાય પછી પણ એની જિંદગીમાં કોઈ ન આવી જાય એની આપણને ચિંતા રહે છે.

માણસનું ચાલે તો માણસ જેને પ્રેમ કરતો હોય ને એના વિચારો ઉપર કબજો કરી લે. તારે મારા સિવાય કંઈ વિચારવાનું નથી. કોઈને મળવાનું નથી. તારી જિંદગીમાં મારા સિવાય બીજું કંઈ જ અને બીજું કોઈ જ ન હોવું જોઈએ. તારે જે કરવું હોય તે મને પૂછીને જ કરવું. માણસ હિસાબ રાખતો થઈ જાય છે. ક્યાં જાય છે ? કોને મળે છે ? મોબાઈલમાં શું જુએ છે ? આપણને પ્રેમ હોય ત્યારે આપણે પણ આપણી વ્યક્તિને ન ગમે એવું કંઈ જ કરતા નથી. કોઈ ગમતું હોય તો પણ 'લાઈક' કરતા નથી, પણ અંદરથી લાઈક થતું હોય એનું શું કરવું ? એક મનોચિકિત્સકે કહેલી આ વાત છે. અત્યારે બ્રેકઅપનું કારણ એ નથી કે એકબીજા પર પ્રેમ નથી, એનું કારણ એ છે કે મારા સિવાય બીજું કંઈ જ તારે વિચારવાનું નથી. કોઈ દોસ્તને મળવાનું નથી. બંધન વધી જાય ત્યારે જ માણસને મુક્તિની ઝંખના જાગે છે. મુક્ત જ હોય તો પછી કંઈ ડર કે શંકા હોતી નથી. આપણે ક્યારેય વિચારીએ છીએ કે આપણો પ્રેમ કેટલો મુક્ત છે ?

આપણે પીડાતા રહીએ છીએ. ઘૂંટાતા રહીએ છીએ.આપણી અંદર જ કંઈ કણસતું રહે છે. જે છે એનાથી આપણને સંતોષ નથી. જે છૂટી ગયું છે એને પંપાળતા રહીએ છીએ. મોટાભાગના લોકોનો વર્તમાન એટલે ખરાબ હોય છે, કારણ કે એ ભૂતકાળને ભૂલતા નથી. એક અત્યારનું સુખ હોય છે અને એક ભૂતકાળનું સુખ હોય

*દરેકની જિંદગીમાં ભૂલવા જેવું તો થોડુંક જ હોય છે, આપણે એ ભૂલતા નથી એટલે જે યાદ રાખવા જેવું હોય છે એ યાદ રહેતું નથી.*


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

શકાય, કરતો હતો. યાદ કર એનો વાંધો નથી, પણ યાદ કરીને ડિસ્ટર્બ શા માટે થાય છે ? તેં ક્યારેય મને કેમ નથી પૂછ્યું કે મને કોઈની સાથે પ્રેમ હતો ? પતિએ પ્રશ્નાર્થ નજરે સામે જોયું. પત્નીએ કહ્યું, હા, મને પણ પ્રેમ હતો. તારી જેમ અમારાં લગ્ન પણ ન થઈ શક્યાં. ન થયાં, તો શું ? હા, એ મને ક્યારેક યાદ પણ આવે છે. જેવી રીતે તને યાદ આવે છે એ જ રીતે ! હું દુઃખી નથી થતી. હું દુઃખી થાઉં તો તારી સાથે સુખથી રહી જ ન શકું. તું મારું આજનું સુખ છે. હું એવું જરાયે નથી કહેતી કે તું એને ભૂલી જા. યાદ કર, પણ યાદ કરીને દુઃખી ન થા. મજામાં રહે.

કેટલાં દાંપત્ય ભૂતકાળને કારણે ખરડાયેલાં હોય છે ? આજે જે છે એ જ સત્ય છે. ગઈકાલે જે હતું એ પણ સત્ય હતું. સંબંધના દરેક સત્ય સનાતન નથી હોતા. અમુક સંબંધો છૂટતા હોય છે. છોડવાં પડે એમ હોય એને પણ કટૂતાથી ન છોડો. કટૂતા કણસતી રહે છે. વેદના આવતી રહે છે. વર્ષો પછી બે પ્રેમીઓ ભેગાં થયાં. બંનેનાં લગ્ન થઈ ગયાં હતાં. બંને પોતપોતાની લાઈફમાં સેટ હતાં. પ્રેમીએ કહ્યું કે, તું નથી તો કંઈ નથી. પ્રેમિકાએ કહ્યું, આવું સાંભળવું મને સારું લાગે છે, પણ એમ કેમ નથી કહેતો કે તું નથી, પણ બાકી બધું જ છે. તારું ઘર છે. સારી પત્ની છે. તારું ફેમિલી છે. તું હોત તો આવું હોત એ તો એક કલ્પના છે, કલ્પનાઓ હંમેશાં સારી લાગે છે. સારી હોય છે કે કેમ એ સવાલ છે. વાસ્તવિકતા તો હોય જ છે. જે છે એને જીવ. ફરિયાદ ન કર.

તમે ભૂતકાળને કેટલો માથે લઈને ફરો છો ? ઉતારી દો એને. માત્ર પ્રેમને જ નહીં, ઝઘડાઓને પણ. ભૂલવા જેવું તો જિંદગીમાં ઘણું હોય છે. આપણા સંબંધોનો આધાર એના ઉપર હોય છે કે સંબંધોની કઈ ક્ષણ, ક્યો સંવાદ અને ક્યું સાંનિધ્ય આપણે યાદ રાખીએ છીએ ? બધું ભૂલી શકાતું નથી, બધું ભૂલવું પણ ન જોઈએ. ભૂલવા જેવું ભુલાઈ જાય તો ઘણું છે. મારે તારું મોઢું નથી જોવું એવું આપણે જેને કહેતા હોઈએ છીએ એનું મોઢું જોઈને જ ક્યારેક આપણો દિવસ ઊગ્યો હોય છે, એની સાથે જ આપણે જિંદગીનો શ્રેષ્ઠ સમય વિતાવ્યો હોય છે. દરેકની જિંદગીમાં ભૂલવા જેવું તો થોડુંક જ હોય છે, આપણે એ ભૂલતા નથી એટલે જે યાદ રાખવા જેવું હોય છે એ યાદ રહેતું નથી.

જેને ભૂલતા આવડે છે એને યાદ રાખવાનું શીખવવું પડતું નથી.

✷ ✷ ✷

## આવનારા વર્ષને ભરપૂર રીતે માણવું હોય તો આગળનાં વર્ષોની કેટલીક ઘટનાઓને ભૂલવાનું શીખવું પડશે

એક શિક્ષક પિરિયડ લેવા માટે વર્ગખંડમાં દાખલ થયા. શિક્ષકને જોતાં જ વિદ્યાર્થીઓના ચહેરા ખીલી ઊઠ્યા કારણ કે એ શિક્ષક વિદ્યાર્થીઓના સૌથી પ્રિય શિક્ષક હતા. શિક્ષકના હાથમાં એક પાણી ભરેલો ગ્લાસ હતો. આ ગ્લાસ વિદ્યાર્થીઓને બતાવીને પૂછ્યું, 'આ ગ્લાસનું વજન કેટલું હશે ?' બધા વિદ્યાર્થીઓએ જુદા જુદા જવાબ આપ્યા, શિક્ષકે બીજો પ્રશ્ન પૂછ્યો : 'આ ગ્લાસને હું થોડી મિનિટ મારા હાથમાં પકડી રાખું તો શું થાય ?' એક વિદ્યાર્થીએ જવાબ આપ્યો : 'સર, આટલા નાના ગ્લાસને થોડીવાર પકડી રાખવાથી કંઈ જ ન થાય.'

સાહેબે આગળનો પ્રશ્ન પૂછ્યો : 'હું આ ગ્લાસને થોડા કલાક માટે પકડી રાખું તો ?' બીજા વિદ્યાર્થીએ જવાબ આપ્યો : 'સર, તો પછી તમારા હાથમાં દુખાવો શરૂ થાય.' શિક્ષકે વિદ્યાર્થીઓ સાથેનો વાર્તાલાપ આગળ ચલાવતાં કહ્યું : 'પણ હું આ ગ્લાસને આખો દિવસ પકડી રાખું તો ?' એક છોકરો ઊભો થઈને બોલ્યો : 'સર તો પછી તમને દવાખાનામાં દાખલ કરવા પડે.' છોકરાનો જવાબ સાંભળી આખો ક્લાસ હસી પડ્યો.

શિક્ષકે કહ્યું : 'હું જેટલો સમય ગ્લાસ હાથમાં પકડી રાખું એ સમય દરમિયાન ગ્લાસના વજનમાં કોઈ વધારો થાય ?' એક છોકરાએ બહુ સરસ જવાબ આપ્યો : 'ના સર, ગ્લાસનું વજન ન વધે પણ એને પકડી રાખવાથી હાથનો દુખાવો ચોક્કસ વધે.'

શિક્ષકે કહ્યું : 'તમારી વાત બિલકુલ સાચી છે. જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ ગ્લાસ એનો એ જ હોય છતાં પણ હાથની પીડા વધતી જાય. મારે તમારી પાસેથી જાણવું છે કે આ પીડામાંથી મુક્ત થવું હોય તો એનો કોઈ ઉપાય ખરો ?' વિદ્યાર્થીએ તુરત જ કહ્યું : 'હા, સાહેબ બહુ સહેલો ઉપાય છે. આ દુખાવામાંથી મુક્ત થવું હોય તો ગ્લાસને હાથમાં પકડી રાખવાને બદલે ટેબલ પર મૂકી દેવાય.' શિક્ષકે વિદ્યાર્થીઓને કહ્યું : 'દોસ્તો જીવનમાં બનતી કેટલીક ઘટનાઓ આ ગ્લાસ જેવી જ છે. જો એને પકડી રાખીએ તો દુખાવો સતત વધતો જાય અને જો એને નીચે મુકતાં શીખીએ તો રાહત થાય.'

જીવનમાં બધું આપણને ગમે તેવું ના બને, કેટલીક એવી ઘટનાઓ પણ બને જે ના ગમતી હોય. આવી ઘટનાને થોડો સમય પકડી રાખીએ ત્યાં સુધી વાંધો નહીં આવે પણ જો યોગ્ય સમયે નીચે મૂકતાં નહીં આવડે તો દુઃખી થવા સિવાય બીજો ઉપાય નથી.

ભગવાન પણ આત્માને એક શરીરમાંથી જ્યારે બીજું શરીર આપે છે ત્યારે આગળના જન્મની બધી જ સ્મૃતિઓ ભૂલાવી દે છે જેથી નવા જન્મનો આનંદ લઈ શકાય. જો પૂર્વજન્મની સ્મૃતિઓ સાથે હોય તો માણસ પાગલ થઈ જાય. પૂર્વજન્મની સ્મૃતિને કારણે આ જન્મનું સુખ એ માણી શકે નહીં એટલે ભગવાન બધી જ સ્મૃતિઓ ભૂંસી નાખે છે.

બસ આવી જ રીતે આવનારા વર્ષને ભરપૂર રીતે માણવું હોય તો આગળનાં વર્ષોની કેટલીક ઘટનાઓને ભૂલવાનું શીખવું પડશે.

આપણે ધારીએ એટલું એ સરળ નથી એ વાત સાચી પણ એ કર્યા વગર શાંતિ પણ નહીં મળે એ એટલું જ સાચું છે. ઘટનાઓને ભૂલવાનું અઘરું છે, પણ અશક્ય નથી.

✷ ✷ ✷


Digitalised By ITDESK SOLUTIONS LLP



# મહાભિનિષ્ક્રમણ

❑ સ્વાતિ નાઈક

‘જુઓ પ્રભાબહેન આ નવો ફોન. આને ટચસ્ક્રીન કહેવાય. મારા સાગરે બહુ હોંશથી લીધેલો. કાલે જ મને પાર્સલ કર્યું. મારા સાગરને મારા માટે બહુ લાગણી હોં. કાલે મને કહે કે ‘મમ્મી અમે દિલ્હી છીએ ત્યાં સુધી આ ફોન તારી પાસે રાખ. આમાં મારા, સમિધાના ને કલ્યાણના ફોટા છે. તારાય હશે. તને અમને જોયાનું મન થાય ત્યારે બસ એક ટચની જ વાર.’ સાચી વાત જુઓ પ્રભાબહેન આ આમ ટચ કર્યું ને આ જુઓ, ઢગલો ફોટા. આ માથેરાનના. આ નૈનિતાલ. ને આ લોકો કેરાલા ગયેલા ત્યારે. ત્યારે તો બે કિલો એલચી લાવેલા. ત્યાંના મસાલા એટલે મસાલા. એની સુગંધ.’

‘માયાબહેન અટાણે તો રસોડેથી સુગંધ આવે છે. હાલો જમવાનો ટેમ થિયો આપડે મોડા નથ પડવું. પછી બધાને મલાતું નથી. તમારો ફોન જોવા હું રાતે તમારા ઓરડે આઈશ. તિયારે નિરાંતે બતાડજો તમતમાર. હેંડો.’ પ્રભાબહેને ફોન માયાબહેનના હાથમાં આપતાં કહ્યું, માયાબહેને ફોન બંધ કરી નાના બટવામાં મૂક્યો ને બાંકડેથી ઊભા થયાં. ઘૂંટણમાં સહેજ રણકો ઊઠ્યો. ને ‘ઓહ’ થઈ ગયું. ‘બળ્યું આ ઘૂંટણ દુ:ખે છે. આજકાલ...સાગરને કહેવું પડશે. ડૉક્ટરને બતાડશું. એને બહુ ડૉક્ટરો જોડે ઓળખાણ. એના પપ્પા વખતે તો અડધી રાતે ડૉક્ટર ખડેપગે ઊભા રહેલા. પણ તોયે જીવ ડૉક્ટરની મુઠ્ઠીમાં થોડો આવે ? જતા રહ્યા મને આમ એકલી મૂકીને. જો એ હોત તો અત્યારે હું ઘરે હોત. મારા ફ્લેટમાં. એના પપ્પાના નામથી જ નામ આપેલું ‘વિશાલદ્વાર.’ વિશાલ બહુ વહેલા જતા રહ્યા. માયાબહેનની આંખમાં ભીનાશ છલકી તેમાં ડૂબતા સૂરજની લાલી ભળી. બદામી આંખો પાણીદાર, સુંદર લાગતી હતી. સાઠની ઉંમરે ચાળીસની લાગે એવી પાતળી સોટા જેવી દેહયષ્ટિ. લાંબા વાળનો પાતળો લાંબો ચોટલો, કોટનની કડક સાડી ને મેચિંગ બ્લાઉઝ. હીરાનાં લવંગિયાં ને સોનાની ચેઈન. સુંદર લેટેસ્ટ ઘાટની બંગડીઓ. નખશિખ સંપૂર્ણ સ્ત્રી. વૃદ્ધાશ્રમમાં માયાબહેનનું વ્યક્તિત્વ કોઈ પણ રીતે બંધબેસતું નહોતું.

બંને જમવા પહોંચ્યાં ને જમવાની ઘંટડી વાગી. વૃદ્ધાશ્રમમાં મંદિરની ઘંટડીના ઘણા ઉપયોગ થતા. ચા-નાસ્તો ને જમવાના સમયે, આરતીના સમયે અને ભજન સમયે ઘંટ વાગે. માયાબહેને થાળીમાં બે રોટલી ને થોડુંક શાક લીધું. એક-બે અશક્ત વૃદ્ધાને થાળી કરી આપી. એકાદ-બે સાથે કેમ છો ?-મજામાં ? સવારે દેખાયાં નહીં ?’ જેવી વાત કરતાં કરતાં ખાધું ને આરતી કરી પરવારીને વચ્ચેના બગીચામાં બેઠાં. સરસ લોન બનાવી હતી. લીલીછમ

*પ્રભાબહેને કહ્યું, ‘જીને ધવડાવ્યા, જલમ દીધો, જીવાઈડા ઈ આપડા નિયમ માને. ઈની જાતના. આપડે કોઈના ઓશિયાળા છઈએ? બોલો છાતી ઠોકીને. માયલાને પૂસીને ક્યો? ભાગવું સ? પાસા જીવતાં થાવાં? કે પસ ઠાઠડીમાં બંધાઈને આંય જ રે’વું સ. કોઈ બારવા આવે ઈની રા જોવીસ??’*

માયાબહેનને એનો ઝાકળભીનો સ્પર્શ બહુ ગમતો. રોજ સવારે વહેલાં ઊઠીને લોનમાં ખુલ્લા પગે ચાલે. ગણીને વીસ આંટા મારે. પછી નહાઈ-પરવારી પારિજાતનાં ફૂલો વીણવા નીકળે. થોડે દૂર બોરસલ્લી હતી. તેનાંય ફૂલ વીણે. ભગવાનની માળા ગૂંથે તેમાં જાતજાતનાં ફૂલ-પાંદડાં ગૂંથી નવલી ભાત રચે. વાર-તહેવારે વાનગીઓનું લિસ્ટ તૈયાર જ હોય. એનાથી કંઈક નવી વાનગી જાતે રસોડે જઈ ઊભાં રહી બનાવડાવે ને બધાને ઉત્સાહથી ખવડાવે. માયાબહેન છેલ્લાં બે વર્ષથી જ આવેલાં. પણ બહુ ઉત્સાહી. બાકી તો વૃદ્ધાશ્રમમાં બધા જ ડોસા નીરસ. બહુ બહુ તો છાપાં વાંચે. ભજન ગાય ને હીંચકે ને બાંકડે બેઠા રહે. પ્રભાબહેન ગામડાનાં એટલે બોલચાલ, લૂગડું પહેરવાની ઢબ, બધું દેશી..પણ વાતચીત બહુ કરે એટલે માયાબહેનને એમની સાથે ફાવી ગયેલું. એમને અહીં આવ્યાને પાંચ વરસ થયાં હતાં. એમનો દીકરો અમેરિકા જતાં પહેલાં એમને અહીં મૂકી ગયેલો. ‘અહીં તારું ધ્યાન રાખે એવા માણસો હોય. ત્યાં ગામડે તું એકલી રહે. કોણ ધ્યાન રાખે ?’ કહીને. ત્યારેય પ્રભાબહેનને કહેવું હતું કે ‘મારું ધ્યાન તો ગામડે જ હારું રખાય ભઈલા. આખું ગામ મને પ્રભામા કે’ છે પમ માંદે-હાજે તું નો આવી હકે તેની નામોશીથી બચવા તું મને આંય લાઈવો છે.’

પણ એવું બોલાયું નહોતું. ગળે ડૂમો બાઝેલો. ઓગળ્યો જ નહીને. માયાબહેન આવ્યા પછી એમનેય સારું હતું. માયાબહેનનો દીકરો બદલી થવાથી દિલ્હી ગયેલો. ‘પાંચ વરસે પાછી અમદાવાદ બદલી થશે ત્યારે લઈ જઈશું. દિલ્હી તને ન ગમે’ કહીને મૂકી ગયેલા. એટલે માયાબહેનને થોડાં વરસ જ કાઢવાનાં. એટલે ઉત્સાહી રહેતાં. ‘હું પાછી જઈશ તોય બધાને મળવા અઠવાડિયે તો આવીશ જ.’ એવું કહ્યા કરતાં.

અંધારું ઘેરું થતા માયાબહેન ફોન લઈને પ્રભાબહેનના ઓરડે ગયા. પાછા ફોનમાં ફોટા બતાવ્યા. આજની રસોઈ કેવી હતી? તેવી વાતચીત કરી. ‘ફોનમાં ટીવીય દેખાય હોં’ કહીને


Digitalised By ITDESK SOLUTIONS LLP

ટીવી ચલાવવા ગયા પણ પછી માયાબહેનને યાદ આવ્યું. 'બળ્યું ઈન્ટરનેટ તો છે જ નંઈ. આમાં નખાવવું પડશે પછી આપણે ટીવી જોઈશું.'

પ્રભાબહેને કહ્યું. 'આપણા હોલમાંય ટીવી તો છે જ ને બળ્યું. પણ આ મૂઈ સિરિયલો જોઉં છું ને ઘર યાદ આવે છે. ઈના કરતાં નો જોવું હારું.' કહીને માયાબહેનના હાથ પકડીને કહે. 'તે હૈં માયાબુન, તમે તો ભણેલ છો. હોંશિયાર છો. તે આપડે બે મારા ગામડે રે'વા નો જઈ હકીએ? થોડા દિ'... ? બસ પાંચ-હાત દા'ડા જઈ હકાતું ઓય તો. બળ્યું મન મારું ઘર બહુ યાદ આવ છ. કાંક મરી પરવારી તો જીવ ઇમા રઈ જવાનો. ચાલને માયાબુન પૂછી જોઈએ.'

માયાબહેનને પ્રભાબહેનની દયા આવી. એમણે એમના હાથ પસવારતાં કહ્યું. 'ચોક્કસ પૂછી જોઈશ.' એમાં એમને શું વાંધો હોય? જવા જ દેશે. મનેય ગામડું જોવું છે તમારું. હવે વલોણા ને કૂવા તો શાના હોય? પણ ત્યાં હજીય વડીલોની આમન્યા ને લાગણી તો હશે. ને વાડી-ખેતર-પાદર બધાંના આપણે આ નવા ફોનમાં ફોટાં પાડી લાવશું. પછી અહીં બેઠાં બેઠાં જોઈશું હોં. તમેય નવો ફોન મગાવો દીકરા પાસે પછી હું તમને શીખવી જઈશ જતાં પહેલાં.'

'જતાં પે'લાં?' પ્રભાબહેને પૂછ્યું ને તરત માયાબહેને કહ્યું. 'મારા દીકરાની હવે એક-બે વરસમાં બદલી થશે. પછી એ મને લઈ જવાનો છે.'

પ્રભાબહેન એકીટશે એમને જોઈ રહ્યાં. માયાબહેને તે જોયું ન જોયું કર્યું...કહ્યું. 'મને ખબર છે. તમને મારા વગર નહીં ગોઠે. પણ.'

'તમને એમ લાગે છે કે તમારો છોરો તમને પાસો લેવા આવસે?' પ્રભાબહેને અચાનક સવાલ પૂછ્યો...માયાબહેનનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. મન સુન્ન થઈ ગયું. જાણે અચાનક મગજે વિચારવાની ના પાડી.સ્થિર સ્તબ્ધ સ્થિતિમાં ઘડીક રહ્યા પછી માયાબહેને હકારમાં ડોકું હલાવ્યું. જાણે માથે મણનો ભાર લાદ્યો હોય તેમ ડોકું ધીમે રહીને હાલ્યું પણ પછી તરત માયાબહેને કહ્યું, 'કેમ આવો સવાલ પૂછો છો? તમે રજિસ્ટરમાં જોયું નથી? મારા સાગરે પાંચ વરસના જ રૂપિયા ભરેલા છે. અને તેય કહેલું કે ભલે વહેલા જઇએ. બાકીના દાન આપી દઈશું. મારો સાગર મને તરત લઈ જશે. હા સમિધાને જરા એકલા રે'વું ગમે. પણ મારો કલ્યાણ. એ તો દાદી દાદી કરતો મને જ વીંટળાય. ખબર છે મને કહે કે દાદી તું પણ ટીચર હતીને? તો મમ્માની જેમ ડ્રેસ કેમ નથી પહેરતી? દાદી તને જીન્સ પેરવું ગમે? સાવ તોફાની. ફોન પર મને પૂછે. 'દાદી ગમે છે ને? દાદી સોન્ગ્સ મોકલું?' એને ખબર મને સવારમાં સીડી પ્લેયર પર સુગમસંગીત સાંભળવું બહુ ગમે. અત્યારે એને વાર્તા કોણ કહેતું હશે? સમિધાને તો ટાઈમ જ ન મળે. સાગર મોડો આવે. દિલ્હીમાં તો ભારે તકલીફ. ટ્રાફિક, ગીરદી. છોકરાનેય એકલા ન મુકાય. એટલે આખા દિવસની આયા.'

'આયા?' પ્રભાબહેને પાછી વેધક નજર નાખીને પૂછ્યું 'આયા જ રાખવી'તી તો તમે શું ખોટાં? છોરાને હાચવી તો હકો એવા સો. ને ઊલટાં ઘરનાં બે કામેય કરો. પછી તમને આંઈ ચ્યાં નાખી ગ્યા?' માયાબહેન ઊભાં થઈ ગયાં. 'જુઓ મને અહીં કોઈ નાખી નથી ગયું સમજ્યાં? મને મારી મરજીથી.' 'મરજી? તમને આંઈ બઉ ગમે કાં? રોજ હાંજે આથમતા સૂરજને તાકીને આંખે દરિયા ભરાય તે મન દેખાતું નઈ હોય કાં? ફોનમાં ફોટું દેખાય તીને હાથ ફેરવતાં તમારી આંગડીને કાચ અડકે. જીવતો માણહ નંઈ. ને ત્યારે તમને કાંઈ નય થતું ઈમ? તોય મને કો'તો. તમારો છોરો તમારી ભેગો રે'તો તો ત્યારે તમને રોજ અડતો'તો?' પ્રભાબહેને ફરી માયાબહેનના સંવેદનાતંત્રને સુન્ન કરી મૂક્યું. કાન બહેરાશ પકડે ને કાનમાં તીણી સિસોટી મારે એમ માયાબહેનના મનમાં સન્ન...સન્ન... સિસોટી વાગવા માંડી. તરત પીઠ ફેરવીને એ બોલ્યાં 'અડકે જને'. શું કામ ન અડકે? ને મારો કલ્યાણ તો...'

'કલ્યાણ નંઈ, સાગર...સાગરે તમને છેલ્લે કા'રે વા'લ કર્યું'તું? કા'રે તમને એનો જીવતો જાગતો અડવાનો અનુભવ થયોસ? જરા ઊંડાણમાં જઈ વચાર કરો તોય' પ્રભાબહેને બેફિકર થઈ પથારીમાં લંબાવ્યું. ને માયાબહેને જતા રહેવું હતું પણ પગ થાંભલાની જેમ ઉંબરે ચોંટી ગયા. ન આગળ જવાય ન પાછળ. આમ જ. વૃદ્ધાશ્રમમાં પહેલી વખત પ્રવેશ્યાં ત્યારે આવો જ અનુભવ થયેલો. ઓરડામાં જવું નહોતું. ને પાછળ દીકરા તરફ દોડીને જવાતું નહોતું. હા. યાદ આવ્યું. ને એ તરત પાછળ ફર્યાં.

'યાદ આવ્યું પ્રભાબહેન, સાગર મને મૂકવા આવેલો ત્યારે ઓરડાનો ઉંબર મને દેખાયો નહીં ને ઠોકર વાગી ત્યારે એણે તરત મારો હાથ પકડી લીધેલો.'

'ઝાલી જ લેને પડ્યા તો નાખી જવાત?' પ્રભાબહેનની જીભે લીમડો અડી ગ્યો તો જાણે.

માયાબહેને કહ્યું. 'એવું નથી. એણે મારો હાથ પકડીને કહેલું. 'જો સંભાળ' ને પછી મને અંદર હાથ પકડીને મૂકી ગયો. મને પડવા ના દીધી.'

'મડદાનેય લોકો બઉ હાચવે. પડવા દે છે? પણ મૂકી જાય છે પછી પાછું ફરી જોતા નથ. માણહ જેવું માણહ બળી જાય. ને બામણ કે કે તમાર પાસું ફરી જોવું નંઈ. ને કોઈ જુએ છ? કોઈ મર્યા કેડેય પાસળ નો આવે. માયાબુન,માર તમન એટલું જ કેવુંસ કે તમ દીકરાની બઉ આસા ના રાખો. આવે તોય ભલું ને નો આવે તોય ભલું. તમતમારે જીવો તમારી જિંદગી. ખુશ રો. અતારે રો છો એવાં જ. પસી તમ તમારા દીકરાની વાટ્યુ જોવોસો ને મન કાંઈ ધ્રાસકા પડેસ. ઈના કરતાં હાલો અતારે ઊંઘો નિરાંતે. કાલ હવારે પૂસવા જાહું. ઑફિસે રજાનું. બળ્યું આ ઉંમરે આપડે કોઈને રજા આપીએ કે માગીએ???

રામજીની મરજી. જો જવાય તો તમને મારું ગામડું બતાવું.' પ્રભાબહેને ચાદર ઓઢી લીધી. માયાબહેન ઝડપથી ઉંબરો ઓળંગી ગયાં. ને તરત પ્રભાબહેને લાઈટ બંધ કરી. પણ ઊંઘ બેમાંથી કોઈનેય આવવાની નહોતી એ બંને જાણતાં હતાં. પ્રભાબહેને હાથ જોડી મનોમન પ્રભુ પાસે માફી માગી. 'માફ કરજે મારા રામ. પણ આ બાઈને છોરાની બઉ આસા છ. ને એ આસા નછોરવી થઈ તો બાઈ મરી જાહે.'

માયાબહેને પોતાના ઓરડે જઈ તરત સાગરને ફોન લગાવ્યો. 'હા મમ્મી. શું થયું? કંઈ કામ હતું?' સાગરનો અવાજ સાંભળતાં


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

માયાબહેનનાં આંસુ સુકાઈ ગયાં. બંધ પડેલું હૃદય જાણે ફરી ધબકતું થયું. હળવેકથી એમણે કહ્યું, ‘બેટા તમે ક્યારે પાછા આવશો ? મને હવે અહીં બહુ ગમતું નથી. તમે કહેતા હો તો આપણો અમદાવાદનો ફ્લેટ સાફ કરાવી હું ત્યાં રહેવા જાઉં થોડા દિવસ. તે તમે આવો પછી.’

‘જો મમ્મી, અત્યારે આ બધું પોસિબલ નથી. તારે ત્યાં જ રહેવું પડશે. પણ હું વેકેશનમાં અમદાવાદ પ્લાન કરું તો તને લઈ જઈશ થોડા દિવસ. પ્લીઝ એડજસ્ટ કરી લે. ગુડ નાઈટ. હજુ ઑફિસમાં જ છું. બહુ કામ છે.’ કહી સાગરે ફોન મૂકી દીધો. કોણ જાણે કેમ માયાબહેનને પાછળ કલ્યાણ બોલતો હોય એવા ભણકારા સંભળાયા. ઘડીક તો થયું ‘પ્રભાબહેન પાસે પાછી જાઉં ?’ પણ પછી ભગવાનનું નામ લેતાં સૂઈ ગયાં.

બીજા દિવસે આશ્રમની ઑફિસમાં પ્રભાબહેનને લઈને પૂછવા ગયાં. ‘અમારે થોડા દિવસ પ્રભાબહેનના ગામ રહેવા જવું છે. જઈ શકીએ ?’ સેક્રેટરીએ કહ્યું, ‘જુઓ માજી તમારો દીકરો અમેરિકા ગયો ત્યારે સ્પષ્ટ કહીને ગયેલો કે માને અહીં જ રાખવી.બહાર નીકળી ને પડી-આખડી તો જવાબદાર તમે. એટલે તમને મોકલી ન શકું. હા. તમારો દીકરો તમને આવીને લઈ જાય તો.’

બંનેના પગ ઢીલા હતા. અચાનક જાણે આજુબાજુ સળિયા ગોઠવાઈ ગયા ને જેલ બની ગઈ. કે પછી એકદાંડિયો મહેલ જેના સાતમા માળે એક નાનકડી બારીવાળા બારણા વગરના ઓરડે પૂરાઈ ખાઈ-પીને જીવતાં રહેવાનું હતું. સામે સુંદર બગીચાનું દૃશ્ય હતું તે જોવાનું ને ખુશ થવાનું હતું. પ્રભાબહેનના દીકરાનો તો અમેરિકાથી મહિને બે મહિને – માંડ ફોન આવતો. એની અમેરિકન પત્ની ને અંગ્રેજી બોલતા છોકરા સાથે તો વાતેય નહોતી થતી. પણ માયાબહેનના સાગરનો અઠવાડિયે ફોન આવતો. ‘મજામાં છેને ? કલ્યાણ હોમવર્ક કરે છે. સમિધા કિચનમાં છે.’

‘કિચનમાં અને સમિધા ?’ કાયમ માયા બહેનને પૂછવાનું મન થતું. એમને ગળા સુધીની ખાતરી હતી કે આયા અને રસોઈવાળાં બહેન રાખી જ લીધાં છે છતાં ઊલટતપાસ કરવાનો તેમનો સ્વભાવ નહોતો. કેવી વિડંબના હતી . વગર પગારે, લાગણીથી રસોઈ કરનાર, કલ્યાણની સંભાળ લેનાર માની એમને જરૂર નહોતી ને પગારદાર નોકરોની ખાસ જરૂર હતી.

દિવાળીમાં માયાબહેનને માટે બે સાડી અને બ્લાઉઝ આવ્યાં. મીઠાઈ આવી. એમણે હોંશથી બધાને વહેંચીય ખરી. દર વખતની જેમ બધાને દૂધપાક બનાવી હોંશથી ખવડાવ્યો પણ તે દિવસનો ધ્રાસકો હજી જવાનું નામ લેતો નહોતો. માયાબહેને ઈન્ટરનેટ કનેક્શન લીધું. પ્રભાબહેન સાથે રોજ જૂની ફિલ્મો જોવા માંડી. જાતજાતની એપ્લિકેશન, જાતજાતની રમત.

પ્રભાબહેને કહ્યું, ‘મૂકોને બધી લમણાઝીંક. આપણે તો પાછા નાના સોરા બનીને રમ્મુ છે. જુઓ તો આ વાંદરું કેવું દોડે ચાંપ અડકતાં. ને આ ચાંપને અડો ને કોઈ સોકરી ગાવા માંડે. નાચવા માંડે. બળ્યું આ ફોન તો માણસ કરતાં હારો. માણહને અડો તો કાંઈ ન થાય. ઈની માંયનાં માણહ જાગેય નંઈ. ને આ રમકડું જુઓ અડકતાં જ જીવતું થઈ જાય.’

‘આપણનેય કોઈ સ્પર્શે તો આપણેય પાછાં જીવતા થઈશું ને પ્રભાબહેન ? મારો કલ્યાણ એ મને વહાલથી અડકશેને તો મારામાં મરી ગયેલી દાદી જીવતી થશે. મારો દીકરો હાથ પકડીને... મને...’ માયાબહેન બોલતાં હતાં ને પ્રભાબહેને એમને અટકાવી કહ્યું, ‘હું ઝાલું સુ તમારો હાથ બસ. હું અડું તમને ને તમે આપોઆપ મને અડી જાવ સો. જોયું ?’

‘ને આપડે બંને તમારા ફોન જેવા... અડતાં જ જીવતા થઈ ગ્યાં લ્યૌ.’

બંનેની આંખો ખારી થતી, બંનેએ પાછું એકબીજાને પટાવી હસવું પડતું. અમેરિકાથી પ્રભાબહેનના દીકરાનો ફોન આવેલો પણ એણેય પ્રભાબહેનને ગામડે જવાની ના પાડી દીધી. છતે ઘરબાર. છતે પરિવાર નોધારાં. જાણે કોઈએ અચાનક ઊંચકીને અટૂલા ટાપુ પર મૂકી દીધાં. કાળાપાણીની સજા આપવા.

એક સવારે પ્રભાબહેનના ગામનાં જ એક બહેન ભાનુબહેન આશ્રમમાં આવ્યાં. એમનો દીકરોય અમેરિકા જવાનો હતો. આવતાં વેં’ત પ્રભાબહેનને જોઈ વળગી પડ્યાં. પ્રભાબહેન પણ હેતથી એને ભેટ્યાં પછી કંઈ વિચાર આવતાં બોલ્યાં. ‘ભાનુબહેન, આ મારી આંયની બેનપણી, તમ ઈનેય નો વળગો ? મારી બેનપણી તે તમારી બેનપણી નો થાય ?’

ભાનુબહેન માયાબહેનને ઉમળકાથી ભેટ્યાં. માયાબહેન પહેલાં અચકાયાં પછી એ પણ ઉમળકાથી ભેટ્યાં. આંખે આપોઆપ સાગર છવાયો.

પ્રભાબહેને હેતથી પૂછ્યું...‘હારું લાગે છે ? આ ભાનુબહેન હજુ જીવતું માણહ છે. ઈનો તમ હું કે’વ તે સ્પરશ તમને જીવતો લાગ્યો ન ? પસી થોડા દા’ડા આંય રહે એટલે ઈય મરી જવાની.’

‘હેં ? હું મરવાની ?’ કહીને ભાનુબહેન અળગાં થઈ ગયાં. ‘કોણે કીધું ? મન તો નખમાંય રોગ નથ. અજી તો અમેરિકા જાવું સ.’

બંને હસી પડ્યાં ને પ્રભાબહેન બોલ્યાં. ‘નવી સુ તું. તન વાર લાગસે હમજતા. હાલ તારે ઓરડે જૂની વાતું માંડીયે.’

અંદર જઈ નિરાંતે બેઠાં. પંખો ચલાવ્યો. જરાક કિચૂડાટ સાથે એ ચાલુ થયો. જાણે ખંચકાયો. ભાનુબહેને સામાન ગોઠવતાં કહ્યું, ‘દીકરો સેટલ થાય કે આપડે અમેરિકા. તાં લગી આંય ગોઠવાવું પડહે. તું સો એટલે હારુંસ. પણ અલી પરભા તમે ગામનું ખોરડું કાં વેચી નાંયખુ ? કદીક-મદીક રે’વાનું મન થાય તો આવવા થતેને તને...’

‘વેચી નાંયખુ ? કોણે ? કારે ?’ સવાલોની રમઝટ પૂછતાં જ પ્રભાબહેનને ખ્યાલ આવી ગયો કે દીકરો ગામડે જવાની શું કામ ના પાડતો હતો.

પ્રભાબહેન અચાનક હસી પડ્યાં. પીઠ પર બરાબર વચ્ચે ઘા કર્યો હોય એટલું દુ:ખવા લાગ્યું. ભાનુબહેન નજીક ગયાં. એટલે એમણે તરત ભાનુબહેનના બંને હાથ પકડીને કહ્યું, ‘તું આંય સાઈન ના કરતી. કોઈ કાગળીયે નંઈ. તન મારા હમ. તારા પેટનો દીકરોય કાગળિયા લાવે તો

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

આ માયાબુનને વંચાવ્યા કેડે જ સાઈન કરજે. આટલું માનજે મારું.'

ભાનુબહેનને કંઈ સમજાયું તો નહીં પણ એમણે હા પાડી. બે જણને બદલે ત્રણ થયા. હવે ફોન સામે ગોઠવી ત્રણે ફિલ્મો જોતાં થયાં. ઈન્ટરનેટની એપ્લિકેશન નાખતાં નાખતાં મઝા લેતાં થયાં. બધાના ફોટા પાડી એને કાર્ટૂન બનાવી હસતાં. જાતે જ કહેતાં, 'આપડે તો બેઉ હોશિયાર થઈ ગ્યાં.' માયાબહેનની વર્ષગાંઠ હતી તે દિવસે માયાબહેન બહુ ખુશ હતાં. સવારમાં ચોકલેટ મગાવી બધે વહેંચી. એમનું પેન્શન આવતું ને પ્રભાબહેનનું વ્યાજ. એટલે ખાવાની ચિંતા નહોતી. આજે તો સાગરનો ફોન આવવો જ જોઈએ એવું વિચાર્યું ને છતાં ત્રણેયના ફોટા પાડી તૈયાર રાખ્યા. 'આજે ફોન ન આવે તો સાગરને વોટ્સઅપ પર ફોટા મોકલી સરપ્રાઈઝ આપવી છે. જો તારી મા સ્માર્ટ છે. બધું આવડે છે. ફેસબુક...વોટ્સઅપ...'

ત્યાં જ ફોન આવ્યો. રિંગ વાગીને તરત ઊંચકવા ગયાં. પણ નંબર જ આવ્યો એટલે થોડાં અચકાયાં પણ પછી ઊંચકી લીધો. સાગરનો જ હતો. 'હા બેટા, તારો નંબર બદલાયો ? આમાં તારો ફોટો ને નામ ન દેખાયાં ?'

'હા મમ્મી, આ નંબર નવો છે. નોંધી રાખજે. અમારા બધા તરફથી હેપી બર્થ ડે.'સાગર બોલે ત્યાં કલ્યાણે ફોન લઈ બોલવા માંડ્યું. 'દાદી તારી કિટ્ટા. પણ હેપી બર્થ ડે. મેં ચોકલેટ ખાધી હોં. ને તું કેમ ફરવા જતી રહી. મને સ્ટોરી કોણ કેવાનું ? ને આટલું બધું ક્યાં ફરે છે દાદી ? બે દિવાળીથી તું આવતી જ નથી ? દિવાળી પર દીવા મૂકવા આપતીને તું મને ? ને પેલા મીટ્ટા ઘૂઘરા બનાવતી. દાદી તું આવી જાને.'

'હા હા બેટા તમે અમદાવાદ આવો એટલે.' માયાબહેન બોલે ત્યાં સાગરે ફોન લઈને કહ્યું. 'આ બહુ તોફાની થઈ ગયો છે. આયાનેય માંડ ગાંઠે છે. તું સાચવજે. તબિયતનું ધ્યાન રાખજે ને પાર્સલમાં તને સાડી મોકલી છે. બર્થ ડે ગિફ્ટ. સમિધાય તને વીશ કરે છે. ચાલ બાય.' કહીને સાગરે ફોન મૂકી દીધો. ત્યાં ફોનમાં સાગરનું નામ ઝબક્યું. ટ્રુ કોલર. આ વળી નવી એપ્લિકેશન. નામ એની મેળે આવી ગયું પણ નામની સાથે અમદાવાદ ? સાગર અમદાવાદ છે ? મને કહ્યુંય નહીં ? અત્યારે તો તહેવાર કે વેકેશન નથી. કેમ આવ્યાં હશે ? ક્યાંક સમિધાની તબિયત. માયાબહેને પ્રભાબહેનને પૂછ્યું. 'આમાં સાગર અમદાવાદ એવું લખ્યું છે. પણ સાગર તો...' પ્રભાબહેને લાગણી નીતરતી આંખે એમને જોયા કર્યું. જમાનાનું વિષ જોઈ ગયેલી એમની આંખ માયાબહેનનું ભોળપણ જોઈ મીઠી થઈ અમરત વરસાવવા લાગી. પછી એમણે એમના માથે હાથ ફેરવ્યો. એમને ભેટીને બે મિનિટ ઊભાં રહ્યાં. મક્કમ થઈ છૂટાં પડ્યાં અને પછી પોતાનો ફોન લીધો. 'આમાં સાગરનો નંબર લખો.' કહીને એમણે માયાબહેન પાસે નંબર ટાઈપ કરાવ્યો અને પ્રભાબહેને ફોન સ્પીકર પર મૂકી માયાબહેનનો હાથ મજબૂતાઈથી પકડી રાખીને રિંગ સાંભળી. બે-ત્રણ રિંગ પછી સાગરનો અવાજ આવ્યો. પાછળ કલ્યાણના તોફાનનો અવાજ આવતો હતો. 'મારે દાદીની જોડે વાત કરવી'તી.' સાગરે હલ્લો કહ્યું એટલે પ્રભાબહેને પૂછ્યું. 'હેલ્લો, તમ સાગરભઈ બોલો ? અમદાવાદથી ? કલ્યાણના પપ્પા ?'

સાગરે કહ્યું, 'હા.' પ્રભાબહેને કહ્યું, 'તમ અમદાવાદ ક્યારથી રો છો ?'

સાગરે કહ્યું, 'વર્ષોથી. તમારે શું કામ છે એ કહોને.'

'ગયે સાલ અમદાવાદ જ રે'તા તા ?'

## એક હદ આપી !

*ખુશી અનહદ આપી,*
*છતાં એક હદ આપી.*
*જિંદગીમાં પૂનમની સાથે,*
*એક વદ આપી.*
*અશ્રુઓના ધોધને,*
*આંખોની સરહદ આપી.*
*પણ ઇશ્વરે લાગણીઓ,*
*હૃદયસ્પર્શી અને બેહદ આપી...!*

પ્રભાબહેને પાછું પૂછ્યું.

સાગરે ખીજવાઈને કહ્યું, 'જુઓ બહેન અમદાવાદ મારું ઘર છે. હું વર્ષોથી અહીં જ છું. ગયા વર્ષે પણ ને આ વર્ષે પણ. તમે કોણ છો ? કામ શું છે ? તમે કલ્યાણનું નામ લીધું તમે કેવી રીતે ઓળખો ?'

પ્રભાબહેને કડક અવાજે કહ્યું, 'અમે તમને ઓળખતા'તા. આજથી નથ ઓળખતા. તમારી મા માયાબહેન ગુજરી ગ્યાં. મેરબાની કરી અવે ઈમને ફોન ના કરતા. અમ બધી નછોરવી મા ભેગી મરી ગઈ. ને સરગાપુરીમાંખુશ છીએ.'

કહી ફોન કટ કર્યો. માયાબહેનની આંખે બે આંસુ થીજી ગયાં. તરત માયાબહેનનો ફોન રણક્યો. ફોન પર દેખાયું સાગર. અમદાવાદ.

માયાબહેને ફોન કટ કર્યો ને તરત સાગરના નવા જૂના બંને નંબર બ્લોક કરી દીધા.

થોડી વાર ત્રણે મૂંગા બેસી રહ્યાં પછી પ્રભાબહેને ભાનુનો હાથ પકડી પૂછ્યું. 'તારો દીકરો વયો ગ્યો અમેરિકા ?' એમણે હા પાડી એટલે કહ્યું, 'ઘર ખાલી ?' એમણે હા પાડી. 'હા પણ ચાવી.'

'તાળુ તોડતાં મન આવડે સ. મારા વ્યાજના પાંચ હજાર આવેસ. માયાબુન તમારા પંદર. આપડે તૈણને ચાલવાના. ને અજુ પાપડ અથાણાં આવડેસ મન. બોલો હું ક્યો સો ?'

'પણ નિયમ ? આપણને અહીંથી.' પણ માયાબહેન બોલી રહે ત પહેલાં પ્રભાબહેને કહ્યું, 'નિયમની માને પૈણે. જીને ધવડાવ્યા, જલમ દીધો, જીવાઈડા ઈ આપડા નિયમ માને. ઈની જાતના. આપડે કોઈના ઓહિયાળા છઈએ ? બોલો છાતી ઠોકીને. માયલાને પૂસીને ક્યો ? ભાગવું સ ? પાસા જીવતાં થાવાં ? કે પસ ઠાઠડીમાં બંધાઈને આંય જ રે'વું સ. કોઈ બારવા આવે ઈની રા જોવીસ ??'

બંનેએ ઊભા થઈ પ્રભાબહેનનો હાથ પકડી લીધો. ત્રણે એકમેકને બાઝીને ઘડીક ઊભાં રહ્યાં ને પછી પોતપોતાના ઓરડે ગયાં. એ રાતે કોઈ સૂવાનું નહોતું. મહાભિનિષ્ક્રમણની રાત હતી એ. સિદ્ધાર્થમાંથી બુદ્ધ થવાની રાત. ✷ ✷ ✷


Digitalised By ITDESK SOLUTIONS LLP

# જૈન આચાર મીમાંસા



☐ ચંદ્રહાસ ત્રિવેદી

# ગુણવ્રતો અને શિક્ષાવ્રતો

આપણે અહીં પાંચ વ્રતોની ચર્ચા કરી. મુનિએ આ વ્રતો અપવાદ સિવાય આજીવન પાળવાનાં હોય છે તેથી તેને મહાવ્રતો કહે છે. શ્રાવક માટે બાર વ્રતોનું આયોજન કરવામાં આવેલું છે. એમાં પાંચ વ્રતો તો મૂળ વ્રતો છે પણ ગૃહસ્થાશ્રમમાં રહીને આ વર્તોનું સંપૂર્ણતયા પાલન કરવું મુશ્કેલ હોવાથી તેમાં છોડી છૂટછાટ મૂકવામાં આવી છે. આમ શ્રાવકને આ જ વ્રતોનું અંશતઃ પાલન કરવાનું હોવાથી તેને અણુવ્રતો કહે છે. વ્રતપાલનમાં ચુસ્તતાની દૃષ્ટિએ ગૃહસ્થને માટે થોડી છૂટ રાખવામાં આવી તો તેને વ્રતપાલનમાં દૃઢ કરવા માટે બીજાં સાત વ્રતો ઉમેરવામાં આવ્યાં છે. એમાં ત્રણ વ્રતો ચારિત્ર ગુણની પુષ્ટિ માટેનાં હોવાથી તેને ગુણવ્રતો કહે છે.

દિક્–પરિમાણ નામનું છઠ્ઠું વ્રત છે. એ વ્રત લેનાર દરેક દિશામાં પોતે કેટલે સુધી જશે તેની મર્યાદા નક્કી કરી લે છે જેથી પાપ પ્રવૃત્તિનું ક્ષેત્ર મર્યાદિત થઈ જાય. નક્કી કરેલ ક્ષેત્ર મર્યાદાની બહાર ન જવાનું હોવાથી એ ક્ષેત્રમાં થતી પાપ પ્રવૃત્તિ સાથેનાં સૂક્ષ્મ અને અંતર્ગત સંબંધો રહેતા નથી. તેથી કર્મબંધ કરવાનું ક્ષેત્ર પણ વ્રત લેનાર માટે મર્યાદિત થઈ જાય છે.

**ભોગોપભોગ પરિમાણ** નામનું સાતમું વ્રત છે. આ વ્રતથી ભોગ કે ઉપભોગ કરાતી વસ્તુઓની મર્યાદા નક્કી કરી લેવામાં આવે છે. આ માટે અભક્ષ્ય ગણાતી વસ્તુઓની મર્યાદા નક્કી કરી લેવામાં આવે છે. આ માટે અભક્ષ્ય ગણાતી વસ્તુઓનો તેમ જ પાપકર્મોનો ગાઢ અનુબંધ પાડે તેવાં પંદર કર્માદાન – કામધંધાઓનો સદંતર ત્યાગ કરવામાં આવે છે. વળી રોજ સવારે ચૌદ નિયમોથી, ભોગોપભોગની વિશેષે કરીને મર્યાદા નક્કી કરી લેવામાં આવે છે. આ વ્રતથી ભોગ અને ઉપભોગની અમર્યાદિત વૃત્તિઓ અંકુશમાં આવતી જાય છે, કષાયોના વિષયો મર્યાદિત થઈ જાય છે અને તેમ થતાં સંયમ ગુણની વૃદ્ધિ થાય છે.

**અનર્થદંડ વિચરણ** એ આઠમું વ્રત છે. તે બહુ સરળ છતાં સૂક્ષ્મ વ્રત છે. આપણે આપણા સ્વાર્થ માટે, ભોગોપભોગ માટે જીવનભર વિચારો કર્યા કરીએ છીએ, યોજનાઓ ઘડીએ છીએ અને તેનો અમલ કરવા વિધવિધ પ્રવૃત્તિઓ કરીએ છીએ. દરેક વિચાર, દરેક પ્રવૃત્તિ કર્મનો બંધ કરે છે. એમાંય આપણી પ્રવૃત્તિ, વાણી, વિચાર વગેરે મોટા ભાગે સ્વાર્થના, હિંસાના, કષાયોના હોવાથી આપણે તો પાપકર્મનો જ બંધ કરતા હોઈએ છીએ જે ઈષ્ટ નથી. પણ વિચિત્ર વાત તો એ છે કે જ્યાં આપણને કંઈ લાગતુંવળગતું ન હોય, આપણો કંઈ સ્વાર્થ પણ ન હોય, આપણું કોઈ હિત જોખમાતું ન હોય છતાંય આપણે વિનાકારણ, અર્થ વગર વચ્ચે બોલીને, કોઈને વિચાર આપીને અન્યને

*આપણે આપણા સ્વાર્થ માટે, ભોગોપભોગ માટે જીવનભર વિચારો કર્યા કરીએ છીએ, યોજનાઓ ઘડીએ છીએ અને તેનો અમલ કરવા વિધવિધ પ્રવૃત્તિઓ કરીએ છીએ. દરેક વિચાર, દરેક પ્રવૃત્તિ કર્મનો બંધ કરે છે. એમાંય આપણી પ્રવૃત્તિ, વાણી, વિચાર વગેરે મોટા ભાગે સ્વાર્થના, હિંસાના, કષાયોના હોવાથી આપણે તો પાપકર્મનો જ બંધ કરતા હોઈએ છીએ.*

પાપપ્રવૃત્તિ કરવા પ્રેરણા આપીએ છીએ કે અન્યની પાપપ્રવૃત્તિને ઉત્તેજન આપીએ છીએ જેના પરિણામે જે પાપકર્મ થાય તેનું કારણ આપણે બનીએ છીએ. આ પાપકર્મનો બંધ આપણને પડે અને તે કર્મ ઉદયમાં આવે ત્યારે આપણે વેઠવું પડે. વિનાકારણે, વિનાસ્વાર્થે આ પાપકર્મના આપણે ભાગીદાર થયા અને આપણા આત્માને અર્થ વગરનો કર્મદંડ આપ્યો તેથી તેને અનર્થ દંડ કહે છે. આવા અનર્થ દંડથી વિરમીએ – અટકીએ તે માટે આ વ્રત છે. પાપ–પુણ્ય વિષેના અસ્પષ્ટ ખ્યાલોને લીધે અને કર્મબંધની વ્યવસ્થાના અજ્ઞાનને કારણે જીવો પ્રમાદને વશ થઈ જિંદગીભર આવાં બિનજરૂરી અસંખ્ય પાપકર્મ બાંધે છે. થોડીક જાગરૂકતા અને આ વ્રતની પ્રતિજ્ઞા લેવાથી, પચ્ચક્ખાણ રાખવાથી કેટલા બધા પાપમાંથી આપણે બચી જઈએ ? આ વ્રતના પાલનમાં આપણું કંઈ જ જતું નથી તેથી તેને સરળ ગણ્યું પણ તેની પાછળનો વિચાર ઘણો સૂક્ષ્મ છે. એક વખત આ વ્રત સમજાઈ જાય તો માણસ સહેજમાં આ વ્રત પાળી શકે અને કેટલાંય પાપમાંથી બચી જાય.

છ, સાત અને આઠમા ક્રમનાં વ્રતો મૂળ વ્રતોને સહાય કરનારાં છે, ચારિત્ર ગુણોને પુષ્ટ કરનારાં છે તેથી તેમને ગુણવ્રતો કહ્યાં છે. ત્યાર પછીનાં જે ચાર વ્રતો છે તે સંયમની આરાધના કે ચારિત્ર પાલનના અભ્યાસ માટેનાં, પ્રેક્ટિસ માટેનાં છે તેથી તેને શિક્ષાવ્રતો કહેવામાં આવે છે. કોઈ પણ કાર્ય પૂર્ણ રીતે હસ્તગત કરવું હોય તો તેનો સતત મહાવરો રહેવો જોઈએ. આ મનોવૈજ્ઞાનિક બાબત ઉપર પૂર્ણ ધ્યાન આપીને આ **ચાર શિક્ષાવ્રતો**નું આયોજન કરવામાં આવ્યું છે. એ છે **સામાયિક, દેશાવકાશિક, પૌષધ** અને **અતિથિ સંવિભાગ**.

સામાયિક એટલે સમભાવમાં સ્થિતિ, અને નિશ્ચયથી વિચારીએ તો આત્મામાં સ્થિરતા. સામાયિક વિષે આવશ્યકના વિષયોમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે જેથી અહીં તેનો માત્ર ઉલ્લેખ કર્યો છે. દેશાવકાશિક વ્રત શ્રાવકો સામાન્ય રીતે તે દિવસે દસ સામાયિક લઈને કરે છે પણ તેની પાછળનો મૂળ હેતુ ક્ષેત્રની મર્યાદા કરી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને વિશેષે કરી એક દિવસ માટે

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

સંકોચવાનો છે. પૌષધ વ્રત એ તો સાધુજીવનની ચર્યા છે. એક દિવસ માટે સાધુના બધા આચારો પાળવાના એટલે એક દિવસના સાધુ, સાધુ જીવનનો એ નાનકડો અભ્યાસક્રમ છે. છેલ્લા અતિથિ સંવિભાગ વ્રતમાં પોતાના માટે નિયત થયેલાં આહાર–પાણી ઇત્યાદિમાંથી અતિથિને આપ્યા પછી પોતે તેનો ઉપયોગ કરવાની બાબત છે. આ વ્રતમાં સંયમનો ભાવ તો છે જ પણ ત્યાગની અનુમોદનાનો ભાવ છે. સંયમીની ભક્તિનો ભાવ છે, સાધર્મિકના બહુમાનનો ભાવ છે; આપણી વસ્તુ, આપણા માટે તૈયાર કરેલ ભોજન ઇત્યાદિ અન્યને આપતાં આનંદ થાય તો સમજવું કે આપણી વ્રતયાત્રા બરોબર થાય છે. તેથી તો આ વ્રતનો ક્રમ છેલ્લે રાખ્યો હશે – એમ લાગે છે. વ્યવહારથી શ્રાવકો, સાધુ–સાધ્વીને આહાર–પાણી ઇત્યાદિ વહોરાવીને આ વ્રતનું પાલન કરે છે પણ તેની પાછળની ભાવનાનો ખ્યાલ રહે તો વ્રત વધારે ફળદાયી નીવડે.

x x x

**અપેક્ષા :**

પાંચ મહાવ્રત ધારણ કરનાર મુનિઓ હોય છે. જેમની પાસે સર્વવિરતિ, બધી રીતે સંયમમાં આવવાની અપેક્ષા રાખવામાં આવે છે. બાર વ્રતો લેનાર-ઉચરનાર દેશવિરતિ શ્રાવકો હોય છે જેમની પાસે સમકિતની પ્રાપ્તિની અપેક્ષા રખાયેલી હોય છે. તેથી બાર વ્રતો લેતાં પહેલાં સમકિતનું વ્રત ઉચરવાનો વ્યવહાર છે કારણ કે સમકિતની પ્રાપ્તિ થયા વિના આ વ્રતોનું યથાર્થ પાલન થાય તેમ નથી. એ વાત આ કથનનો સૂચિતાર્થ છે. તેથી વ્રત લેનારે સમકિત પ્રાપ્ત કર્યું છે તેમ વ્યવહારથી માનવામાં આવે છે. એ જ રીતે મહાવ્રત લેનાર સાધુ સર્વવિરતિ છે એ પણ વ્યવહારથી ગણવામાં આવે છે. વ્યવહાર પણ નિશ્ચયને સિદ્ધ કરવામાં સહાયક રહે છે એ સિદ્ધાંતને આધારે તો સમગ્ર વ્રતોનું આયોજન થયેલું છે. તેથી કોઈ નિશ્ચયને આગળ કરી વ્રતોની સહેજ પણ ઉપેક્ષા કરે કે અલ્પતા આંકે તો તે બરોબર નથી.

x x x

**ત્રિવિધે :**

આપણે ત્યાં દરેક કાર્યને–પ્રવૃત્તિને, કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણેય રીતે મૂલવવામાં આવે છે. પ્રવૃત્તિ જાતે ન કરી પણ કોઈની પાસે કરાવી તે આપણે કર્યા બરોબર જ ગણાય. પ્રવૃત્તિ જાતે કરી નહિ, કરાવી પણ નહિ છતાંય અન્યને પ્રવૃત્તિ કરવા ઉત્તેજન આપ્યું કે એ પ્રવૃત્તિને જોઈ રાજી થયા તે અનુમોદના થઈ. વ્રતોના પાલનમાં જે બાબતોનો નિષેધ કરવામાં આવ્યો હોય તે ત્રણેય રીતે સમજવાનો છે. વ્રતનું પાલન આ ત્રણેય પ્રકારે કરવાનું હોય છે.

વળી સઘળાં વ્રતો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે આચરવાનાં હોય છે. દ્રવ્યથી એટલે વસ્તુથી અથવા શરીરથી; ક્ષેત્રથી એટલે સર્વ લોકને અનુલક્ષીને, કાળથી એટલે દિવસ–રાત્રિ એમ સર્વ કાળના સંદર્ભમાં અને ભાવથી એટલે હૃદયના પૂર્ણ ભાવથી, પૂર્ણ નિષ્ઠાથી એમ વ્રતોનું પાલન કરવાનું હોય છે.

વ્રતપાલનનો વળી વ્યવહારથી અને નિશ્ચયથી એમ બંને પ્રકારે વિચાર થાય છે. વ્યવહારથી એટલે દેખીતી રીતે, સાંસારિક રીત–રિવાજ પ્રમાણે, બાહ્યાચારથી અને નિશ્ચયથી એટલે આત્માને અનુલક્ષીને, પારમાર્થિક રીતે. તેમાં વિશેષતઃ અભ્યંતર પરિણામો મહત્ત્વનાં ગણાય છે. રુચિ, વલણ, ઝોક વગેરે અભ્યંતર પરિણામોની અંતર્ગત આવે છે.

આપણે ખાસ કરીને પાંચ મૂળ વ્રતોની ચર્ચા કરી, કારણ કે તેની જ પ્રધાનતા છે. અન્ય ત્રણ વ્રતો ગુણવ્રતો છે અને બાકીનાં ચાર વ્રતો શિક્ષાવ્રતો છે જે મૂળ વ્રતોની પુષ્ટિ માટેનાં છે. વાસ્તવિકતામાં આત્મા પરમાત્મામાં સ્થિત થાય એ આ વ્રતોનો હેતુ છે અને તેના માટે ચારિત્ર ગુણની પ્રાપ્તિ કરી જીવ તૈયાર થાય તે વ્રતોનો આચાર છે.

✷ ✷ ✷

## દુર્ગુણી ડૂબે

શ્રમણ સંઘમાં હંમેશાં જ્ઞાનચર્ચા થાય. જ્ઞાનચર્ચામાં પ્રશ્ન થયો. ખાસ ગંભીર પ્રશ્ન ન હતો છતાં ચર્ચાનો અંત આવતો નહોતો. પ્રશ્ન હતો સાવ સામાન્યઃ ભવસાગરમાં પહેલો કોણ ડૂબે ? 'કામી ? ક્રોધી ? લોભી ? મોહી ? કે અભિમાની ?' શિષ્યો પોતપોતાનું મંતવ્ય રજૂ કરતા હતા છતાં કોઈ નિર્ણય ઉપર આવી શકતા ન હતા.

એવામાં ભગવાન મહાવીર ત્યાં આવ્યા. સૌએ પૂછ્યું, 'ભવસાગરમાં પહેલો કોણ ડૂબે ?' ભગવાન મહાવીરે અંતર્દૃષ્ટિ કરતાં કહ્યું,'તમારી સૌ પાસે સરસ મજાનાં તૂંબડાંઓ છે. સૂકાં છે. એમાં ક્યાંય નાનું કાણું પણ નથી પછી એ તૂંબડાને ડૂબવાનો ભય ખરો ?'

'ના ભગવાન, એમાં વળી શાનો ભય ?'

'ધારો કે તૂંબડામાં નીચે કાણું પડે તો ?'

'તો તો ધીરે ધીરે ડૂબવાનો ભય ખરો જ, પ્રભુ.'

'પણ ઉપર છિદ્ર પડે તો, તૂંબડું થોડું જ ડૂબે ?'

'ડૂબે તો ખરું જ ભગવાન, પરંતુ થોડો વધુ સમય લાગે.'

'કોઈ એકાદ છેડામાં છિદ્ર પડી જાય તો ?' ભગવાન મહાવીરે ધીરેથી કહ્યું.

'પ્રભુ ! છિદ્ર ગમે તે જગ્યાએ પડે તોય છિદ્ર એ છિદ્ર જ છેને ? તૂંબડાને ડૂબવાનો ભય ખરો તો ખરો જ ને ?'

'શ્રમણો !' ભગવાને કહ્યું, 'તો પછી તૂંબડામાં કાણું ક્યાથી પડ્યું કે કેવડું પડ્યું એ મહત્ત્વનું નથી. ખરું મહત્ત્વ તો તૂંબડામાં છિદ્ર ન પડે એ છે ને ?'

'ખરું ! પ્રભુજી.'

'તો પછી કામ, ક્રોધ, મોહ, લોભ, મદ કે મત્સર એ વાત બહુ મહત્ત્વની નથી. કોનામાં ક્યો દુર્ગુણ નાનો કે મોટો છે એ જ વાત મુખ્ય છે. દુર્ગુણો બધા જ સરખી રીતે ખરાબ છે. જેમ છિદ્ર ગમે તે જગ્યાએ હોય તો પણ તૂંબડાને ડૂબવાનો ભય છે તેમ નાનકડો દુર્ગુણ પણ જીવાત્માને ડૂબાડવા સમર્થ છે. માટે ભવસાગરમાં પહેલો કોણ ડૂબે એ તમે હવે સમજી શકશો.'

ભગવાનની દિવ્ય વાણીથી સૌને સંતોષ થયો.


Digitalised By ITDESK SOLUTIONS LLP
www.zalawadi.com

# મૃત્યુનું જીવન

**❑ ડૉ. નવીન વિભાકર**



ડૉરબેલ રણકવાની રાહ જોતાં જોતાં ઝૂલા-ખુરશીમાં બેઠેલી ગ્રેસને ઝોકું આવી ગયું અને એનું મન સમણાની રમણામાં પડી ગયું: 'આવતી કાલે 'વેડિંગ' છે. હમણાં પીટર બોલાવવા આવશે. બેઉએ સાથે જ દરજીની દુકાને જવાનું છે અને ડ્રેસ તૈયાર થઈ ગયો તે બરાબર 'ફીટ' છે કે નહીં તે જોવાનું છે. 'હનિમૂન' માટે સ્વિટ્ઝર્લેન્ડ જવાનું છે અને આલ્પસની ગિરિમાળાઓમાં 'સ્કેટિંગ' કરવાનું છે.'

આલ્પસની ગિરિમાળાઓ... 'સ્કેટિંગ'... મન ત્રણ વર્ષ પહેલાંનાં ચિત્રો જોવામાં પડી ગયું. ત્યારની એ મિસિસ બાર્ન... એક સોહામણું મુખડું, મૃદુ સ્મિતવાળો સખત ચહેરો, સ્નેહથી છલકાતી આંખો... ગ્રેસની સામે જ્યૉર્જનો સોહામણો ચહેરો તરવરી ઊઠ્યો. જ્યૉર્જ સાથે ગાળેલાં એ ત્રણ વર્ષ... આહ !...

ગ્રેસની આંખોમાંથી આંસુની ધારા વહી રહી. ગાલ પર ગરમ આંસુઓનો સ્પર્શ થતાં તે જાણે જ્યૉર્જના આલિંગનની હૂંફ અનુભવી રહી ત્યાં જ ઘંટડી વાગી 'ટરરર...ટન !'

ઝબકીને તે જાગી ગઈ ! અરે ! પોતે તો રોઈ રહી હતી ! ફરી 'કૉલબેલ'નો લાંબો અવાજ આવ્યો: 'ટરરર...ર...ટન !' એ રણકારમાં જાણે અધીરાઈ રણકતી હતી. ઝડપભેર આંસુ લૂછી એણે દરવાજો ઉઘાડ્યો.

'ઓહ ! સૉરી, પીટર ! આવ.'

'તું હજી તૈયાર નથી થઈ ? પછી મોડું નહીં થાય ?'

' આ હમણાં જ તૈયાર થઈ ગઈ સમજ, તું બેસ જરા. લગભગ તો તૈયાર જ છું.' મોં ઉપર પાઉડર લગાવી તે ડ્રેસિંગ ટેબલ પર ઊભી રહી.

'પીટર ! ફ્રૉકની ઝીપ જરા પાછળથી ઉપર ચડાવી દે ને !' વાળનાં ઝૂલફાંમાં દાંતિયો ફેરવતાં ગ્રેસે કહ્યું.

ત્યાં તો તેની નજર ડ્રેસિંગ ટેબલ પર પડેલ ડબલ ફોટોફ્રેમમાં મઢેલા જ્યૉર્જના સોહામણા મુખ પર પડી. એક વિષાદરેખા તેના મોં પર ઢળી પડી. જાણે ચંદ્રને એક કાળી વાદળીએ આવરી લીધો હોય !

'પીટર ! આપણે સ્વિટ્ઝર્લેન્ડને બદલે ક્યાંક બીજે જઈએ તો ?'

'ડાર્લિંગ ! બુકિંગ થઈ ગયું છે, બધું નક્કી જ છે. હવે કેમ એકાએક ?' ગ્રેસને આશ્લેષમાં લેતાં પીટરે કહ્યું.

'અમસ્તું જ. એના કરતાં કોઈ વધુ સુંદર જગ્યા આસપાસમાં નથી ?'

'પણ તેં જ આ કાર્યક્રમ ઘડ્યો, તેં જ મને સૂચવ્યું કે જ્યાં જ્યાં આપણી પહેલી મુલાકાત થઈ તે જ સ્થળે આપણે 'હનિમૂન' ઊજવીએ, અને હવે ?'

હવે ? હા, હવે જ ગ્રેસને ત્યાં જવું આકરું લાગવા માંડ્યું. જ્યૉર્જ સાથે 'હનિમૂન' કરવા પોતે ત્યાં ગઈ હતી અને એક સાંજે જ્યૉર્જ તૈયાર થઈને આવે એટલામાં ડાઈનિંગરૂમમાં પીટરે આવીને પૂછેલું: 'મે આઈ જોઈન યુ ? તમને

*તાર ફોડીને વાંચતાં વાંચતાં તેના હાથ ધ્રૂજી ઊઠ્યા ! બેઉ તારમાં લખ્યું હતું: 'જ્યૉર્જ એસ્કેઈપ્ડ ડેથ. વેરી મચ એલાઈવ.' એકમાં ગઈ કાલની, જ્યારે બીજામાં ઓગણત્રીસ દિવસ પહેલાંની તારીખ હતી ! ગ્રેસનું બેબાકળું મન માની શકતું નહોતું ! શું જ્યૉર્જ – પોતાનો જ્યૉર્જ – જીવતો છે? તેનાથી બોલી જવાયું, 'પ્રભુ ! તું મહાન છે ! તાર એક દિવસ મોડો આવ્યો હોત તો?'*



કંપની આપી શકું છું ?'

અને ત્યારે પોતે કેવી મૂંઝાઈ ગઈ હતી ?

'ઓહ ! સોરી. કોઈ આવવાનું છે, ખરું ને ?' કહી તે બીજા ટેબલ ઉપર ચાલ્યો ગયો હતો. પણ પછી તેની આંખોનું પોતાના ચહેરા પરનું એ આક્રમણ હજી સુધી તે ભૂલી નહોતી. અધૂરામાં પૂરું એ જ્યૉર્જનો મિત્ર નીકળતાં તેઓ વધુ પાસે આવ્યાં. ન્યૂયૉર્ક આવ્યા પછી તો વધુ ને વધુ મળવાનું થતું રહ્યું. પોતે જાણતી હતી કે પીટર તેને ચાહે છે, પણ પોતે... પોતે તો જ્યૉર્જમાં મગ્ન હતી ને ? હતી, અને હવે ? હવે તો આવતી કાલે પીટર સાથે તેનાં લગ્ન છે.

તંદ્રામાંથી જાગી તે બોલી: 'કંઈ નહીં, પીટર ! મેં તો અમસ્તું જ કહેલું. લે, ચાલ હવે, મોડું થઈ જશે.'

ગ્રેસ બેચેન બની ગઈ, પોતે જ્યૉર્જને ભૂલી શકી નહોતી – જીવનભર કદાચ નહીં ભૂલી શકે. આવતી કાલે લગ્ન છે છતાં એ બેચેની શા માટે ? ભૂતકાળની આટલી બધી મમતા શા માટે ? જ્યૉર્જ તેની પાસેથી ...

ડ્રેસ લઈને એ પાછી આવી ત્યારે રૂમમાં દાખલ થતાં જ એણે કાચના ટુકડા જમીન પર વેરાયેલા જોયા. પોતે જતી વેળા બારી વાસવી ભૂલી ગઈ હતી એટલે પવનના ઝાપટાએ પેલી ડબલ ફોટોફ્રેમને નીચે ફેંકી દઈ તેના ટુકડેટુકડા કરી નાખ્યા હતા – વિધિએ જેમ તેના લગ્નજીવનને વિચ્છેદી નાખ્યું હતું તેમ !

ફોટો હાથમાં લઈને તે ન્યૂયૉર્કના તેત્રીસ માળના એ 'સ્કાય સ્ક્રેપર'ને એકવીસમે માળે બાલ્કનીમાં આવીને ઊભી રહી અને અશ્રુભીને મુખે ફોટાને નીરખી રહી. નયનોના એ નીરના પટ પાછળ જ્યૉર્જ જાણે ક્યાંય ક્યાંય દૂર ઊભો રહ્યે રહ્યે વાતો કરી રહ્યો – મૃગજળની જેમ !

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

પોતે કેટલી ના પાડી હતી, પણ જ્યૉર્જ માન્યો નહોતો. એનું શરીર ખડતલ હતું. શૂટિંગનો એને ભારે શોખ હતો અને 'નેશનલ સર્વિસ'માં એણે તાલીમ લીધી હતી. દક્ષિણ વિયેટનામમાં પાઈલટની જરૂરિયાત ઊભી થતાં જ્યૉર્જ ભરતી થઈ ગયો હતો. ફક્ત છ જ મહિના માટે તેની તાલીમની જરૂરિયાત ઊભી થયેલી. તેણે એ વેળા ગ્રેસને કહેલું : 'ડાર્લિંગ ! દેશને મારો ખપ હોય ને હું ન જાઉં ? છ મહિના જોતજોતામાં નીકળી જશે. વળી મારો મિત્ર પીટર તારી સંભાળ રાખશે. હું તને દર અઠવાડિયે એક પત્ર લખતો રહીશ.'

અને જ્યૉર્જ ગયો. ગ્રેસને એક એક દિવસ એક વર્ષ જેટલો લાંબો લાગતો. છાપામાં રોજ ભયાનક સમાચારો વાંચતાં તેની ચિંતા ઊભરાઈ આવતી. પીટર તેની સંભાળ લેતો રહ્યો ને તેની વધુ ને વધુ નજીક આવતો રહ્યો.

ગ્રેસે અનાયાસે હજી હાથમાં જ રહેલી પર્સ ખોલીને તેમાં પેલો ફોટો મૂક્યો અને મહિના પહેલાં આવેલો તાર પર્સમાંથી કાઢીને ખોલ્યો. જળનાં ધૂંધળા પટની આરપાર 'મૅગ્નિફાઇંગ ગ્લાસ'માંથી દેખાય તેવા મોટા મોટા શબ્દો ઊપસી આવ્યા : 'જ્યૉર્જ બાન ડિકલેરડ ડેડ. ડાઈડ હીરોઇકલી.'

પવનની એક લહેરખી આવી અને તારનો એ કાગળસહેજ ફરફરી ઊઠ્યો. ઊર્મીના એક ઉછાળા સાથે ગ્રેસની બેઉ આંખોને ખૂણે એક એક અશ્રુબિંદુ જન્મ્યું. તેનું શરીર ધ્રૂજી ઊઠ્યું ! તેના દબાતા કંઠમાંથી એક મોટું ધ્રુસકું નીકળી ગયું ! દોડીને તે ઝૂલાખુરશીમાં બેસી ગઈ અને મનની સમતુલા જાળવવા વ્યર્થ પ્રયત્ન કરી રહી. પણ તેનું ઊર્મિતંત્ર હચમચી ગયું હતું અને મન પરનો કાબૂ સરી ગયો હતો. મન ફરવા લાગ્યું... ચક્કર... ચક્કર... ચક્કર...

(૨)

ચક્કર... ચક્કર... ચક્કર...ચક્કર...

જ્યૉર્જે પ્લેનને નીચે દેખાતી ગીચ ઝાડીના જંગલ તરફ વાળ્યું. આજે તેનામાં અદમ્ય ઉત્સાહ હતો. વિયેટકોંગ ગેરીલાની ટુકડી કઈ બાજુથી દક્ષિણ વિયેટનામની ઉત્તર સરહદે છાપો મારવા આગળ વધતી હતી તેની બાતમી જાસૂસો લાવ્યા હતા. ટુકડી આગળ વધીને બંધ પાસે પહોંચી હતી – સરહદને પેલેપાર. હવે જો બંધને ઉડાવી દેવામાં આવે તો પાણીના એ તરફ ધસી જતા પ્રવાહમાં આખી ગેરીલા ટુકડી તો શું, બે ગાઉ દૂર આવેલો એમનો આખો 'કૅમ્પ' ધોવાઈ જાય તેમ હતું !

એટલે બંધ ઉડાડવાનું કામ જ્યૉર્જને સોંપાયું. એણે ધીમે ધીમે દક્ષતાથી પ્લેનને અવકાશી સરહદમાં જ રાખીને નિશ્ચિત સ્થાન તરફ આગળ વધાર્યું. નીચેના ગીચ જંગલની હરિયાળી, અફાટ વિસ્તરેલું ગીચ જંગલ, હરિયાળા પોષાક પહેરનાર ગેરીલાઓ – એ બધું એકાકાર થઈ જતું હતું.

હા, એકાકાર – હા પોતાના અને ગ્રેસના જીવનની પેઠે ! આલ્પ્સ પર્વત પર વિમાની સહેલ કરતાં જ્યારે તે પોતાના પ્લેનને 'ડાઈવ્ઝ' (ડૂબકીઓ) ખવડાવતો ત્યારે ગ્રેસ કેવી ગભરાતી ને તેને બાઝી પડતી ! તેની એ ગભરામણ પર એક મુક્ત હાસ્ય વેરીને પોતે તેને આલિંગી લેતો. કેટલી ના પાડી હતી ગ્રેસે ! યુદ્ધમાં જોડાવાની ! પોતે એનું માન્યો હોત તો એક અમૂલખ અવસર હાથમાંથી સરકી જાત ને ! દેશને માટે કંઈક કરી છૂટવાની તક એળે ચાલી જાત ને !

'ગ્રેસ...ગ્રેસ અત્યારે શું કરતી હશે ?' જ્યૉર્જને વિચાર આવ્યો,

અને એ વિચારમાં મગ્ન થતાં જ્યૉર્જ જરાક જ બેધ્યાન થયો કે વિમાન ઉપર ગયું અને પોતે અવકાશી સરહદ ક્યારે ઓળંગી ગયો તેનું તેને ભાન ન રહ્યું. જરા વારે તેણે બેઉ બાજુથી રાક્ષસી જેટ ધસી આવતાં જોયાં. એ સાવધ થઈ ગયો અને વિમાનને એકદમ નીચે હવામાં ડૂબકી ખવડાવી. પણ ત્યારે મોડું થઈ ગયું હતું. ઉપરથી છૂટતી મશીનગનોની ગોળીઓની વર્ષામાંથી વિમાનને ઉગારવાનો ઘણો પ્રયત્ન કરવા છતાં એક ગોળી વિમાનની ટૅન્કને લાગી હતી અને આગના ભડકાએ અવકાશને લાલ બનાવી દીધું હતું. જ્યૉર્જનું વિમાન કાબૂની બહાર જતાં તીરના વેગથી નીચે જંગલ તરફ ધસી રહ્યું હતું.

જ્યૉર્જને પોતાની ભયંકર પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. જ્યાં ગેરીલાઓ છુપાયા હતા ત્યાં જ જો દૈવવશાત્ તેનું વિમાન જમીન પર પટકાય તો તેના બચવાની શક્યતા નહોતી.

નીચે દૂર દૂર બંધ દેખાતો હતો. પાણી શાંત રીતે ચળકાટ મારતું હતું – ઘડી પહેલાંના તેના સ્વપ્નની પેઠે ! જ્યૉર્જને વિચાર આવ્યો કે પોતે જો 'પૅરેશૂટ'ની મદદથી કૂદી પડે અને હવામાં તરતાં તરતાં ભાગ્યવશાત્ જો ક્યાંક બંધની નજીક જ પોતે ઊતરે તો 'હૅન્ડ ગ્રેનેઈડઝ્'થી હજીયે પોતે કાર્ય સાધી શકે એમ હતો. તાત્કાલિક નિર્ણય લઈને તેણે 'પૅરેશૂટ'ની મદદ લઈને હવામાં ભૂસકો માર્યો ! ઘડીભર તો તેનો જીવ અધ્ધર થઈ ગયો, પણ પછી તે હવામાં તરી રહ્યો. રોજની તાલીમ હતી એટલે તરત જ સ્વસ્થ થઈને તેણે નીચે જોયું. પોતાનું ઉતરાણ દૈવયોગે બંધ તરફ જ થતું હતું. તે આનંદી ઊઠ્યો ! હાથબૉમ્બ એણે તૈયાર રાખ્યા અને છેક નીચે આવતાં એણે એ ફેંક્યા ! લક્ષ્યવેધ બરાબર થયો. પણ એ ધડાકાની સાથે જ વૃક્ષોમાં સંતાયેલી મશીનગનો ધડાધડ ફૂટવા લાગી. જ્યૉર્જનું શરીર વીંધાવા લાગ્યું. પણ 'પૅરેશૂટ'ની દોરી ન છોડી. એટલામાં દોરીને કાપતી એક એક ગોળી તેના હાથમાં ખૂંચી ગઈ. ધડાક દેતો ને જ્યૉર્જ નીચે પટકાયો ! 'પૅરેશૂટ' ભરાયેલી હવાને લીધે પછી પણ દૂર સરવા લાગ્યું. પણ બધાનું ધ્યાન એ તરફ જતાં જ્યૉર્જ તરફ કોઈનું ધ્યાન નહોતું. તે બરાબર નદીના પુલ પર જ પડ્યો હતો. જો કણસતો કણસતો તે ઘસડાઈને પોતે સામે આવેલી પોતાની સરહદમાં પહોંચી શકે તો બચી જવાય એમ હતું. એણે ઊઠવા પ્રયત્ન કર્યો, પણ વેદનાને લીધે તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ ! તેનો એક પગ સખત વીંધાઈ ગયો હતો. આમ છતાં એણે મન કઠણ કરીને મહામહેનતે પણ ઘસડાવાનું ચાલુ રાખ્યું. ઘસડાતાં ઘસડાતાં સરહદ એક જ હાથ દૂર રહી. પરિશ્રમને લીધે તેની આંખો સામે ધૂંધળો પડદો છવાવા લાગ્યો, તેની ચીસનો અવાજ સાંભળી ગયેલા બે ગેરીલાઓની મશીનગનો છૂટતાં તેનું શરીર ચાળણી પેઠે વીંધાઈ ગયું ! બેઉ બાજુ ગોળીઓની રમઝટ બોલવા લાગી. જ્યૉર્જ પોતાનું બધું બળ એકત્ર કરી ઘસડાટનો એક મોટો ઝટકો માર્યો અને તે

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

પોતાની સરહદ બાજુ ફેંકાઈ ગયો !

તેનું મગજ ચક્કર ચક્કર ફરવા લાગ્યું.એક વિચિત્ર અનુભવ તેને થવા લાગ્યો. બહારની દુનિયા બંધ થઈ ગઈ. પોતે જાણે પોતાની અંદર ને અંદર ઊંડો ઊતરવા લાગ્યો. કોઈક હાથ તેની નાડી તપાસી રહેલો લાગ્યો. તેના બાવડા પર પાટો બંધાયો. પ્રેશર વધતું ગયું. બ્લડપ્રેશર 'ચેક' થતું હતું. હૃદય પર બે હાથનું જોર વધતું લાગ્યું. 'હાર્ટમસાજ' ચાલુ થયો હતો. તેના હાથની નસમાં તેને સોય ભોંકાણી લાગી. પછી તેના ઉપર 'સ્ટકિંગ પ્લાસ્ટર' લગાડાતું હોય એવું તેને જણાયું. બૉટલનો અવાજ આવ્યો. લોહી ચડાવાતું હતું. પ્રાણવાયુ અપાવો શરૂ થયો હતો. શું પોતે મૃત્યુને કાંઠે ઊભો છે ! તેને આછું આછું સંભળાયું.... એનેસ્થેસિયા. શું ઑપરેશન ? મોં પર 'માસ્ક' મુકાઈ ગયો... કશુંક ભીનું લાગ્યું. ઇશ્વર ! ક્લૉરોફૉર્મ ! તેના બીજા હાથની નસમાં સોય ભોંકાણી. સોડિયમ પેન્ટોથાલ ! મન જાણે ધીમે ધીમે અભાન થતું લાગ્યું.મોહક તંદ્રા તેના મનને આવરી લેતી લાગી. એક મનમોહક મુદ્રા, એક સુંદર મુખ, આર્જવભર્યો એ મુખ પરનો ભાવાભિનય... અને ત્યાં બધું એકાકાર, બધું અંધકારમય થઈ ગયું !

લોહી ચડાવાયું. ઑપરેશનથી બધી જ ગોળીઓ બહાર કઢાઈ ગઈ. બધા જખમો પર પાટા બંધાઈ ગયા. પણ... પણ બ્લડપ્રેશર જાણી શકાતું નહોતું. નાડીના ધબકારા સંભળાવા બંધ થઈ ગયા. ડૉક્ટરોનાં કપાળ પર પ્રસ્વેદનાં બિંદુઓ જામવા લાગ્યાં. 'હાર્ટમસાજ' નિષ્ફળ થતો લાગ્યો. મૃત્યુ કે આઘાત ! બે કલાકની જીવન પાછું લાવવાની ક્રિયા–પ્રક્રિયાઓ પછી ડૉક્ટર થાક્યા. એક ડૉક્ટરે નિરાશાથી માથું ધુણાવતાં સુણાવી દીધું. 'હી ઈઝ ડેડ !'

ગ્રેસને તાર મુકાઈ ગયો : 'જ્યૉર્જ વીરતાથી મર્યો છે. અંત્યેષ્ટિની ક્રિયા માટે શબને વિમાન દ્વારા ન્યૂયોર્ક મોકલીએ છીએ.'

શબ કહોવાઈ ન જાય એ માટે 'એમ્બાલમર' (શરીરમાં દવાઓ ભરનાર તબીબ)ને મોકલાયું. ટેબલ પર પડેલા જ્યૉર્જના શબને ડૉ. સ્મિથ જોઈ રહ્યા. કેવું ભવ્ય મૃત્યુ ! કેવી વીરતા ! કેવી શહીદી ! મનોમન અંજલિ આપીને ડૉક્ટરે પેટ ચીરવા છરી ઉપાડી. પેટ પર હાથ મૂકવા જતાં હાથ કેમ ધ્રૂજ્યો ? શું પેટના 'રિફ્લેક્સીઝ' હાલી ઊઠ્યા ? શું પેટની ચામડી ધ્રૂજી ? ડૉક્ટર મૂંઝાઈ ગયા. ફરી પેટને છરી અડી. પેટ સંકોચાયું. આંખોની પાંપણો ફરકી ઊઠી ! દર્દને લીધે ?

તો શું મૃત્યુને જીવન મળતું હતું ? હૉસ્પિટલમાં ફોન કરવામાં આવ્યો અને જ્યૉર્જનું શબ ફરી 'રિસસિટેશન રૂમ'માં લાવવામાં આવ્યું. ફરી લોહી અપાયું. ફરી ઑક્સિજન અપાયો. 'હાર્ટમસાજ' ચાલુ થયો અને બે કલાકને અંતે મૃત્યુ પર જીવને જય મેળવ્યો ! એક ચમત્કાર સર્જાઈ ગયો !

ગ્રેસને તાર થયો : 'જ્યૉર્જ એસ્કેઈપ્ડ ડેથ. વેરી મટ એલાઈવ.' જ્યૉર્જની તબિયત સુધરવા લાગી. પણ એક મહિનો વીતી ગયા છતાં ગ્રેસ તરફથી કશા સમાચાર નહોતા. તેને શું તાર નહીં મળ્યો હોય ? કે શું થયું હશે ? જ્યૉર્જથી હજી બોલી શકાતું નહોતું પણ એક દિવસ તે હિંમત કરી બોલી ઊઠ્યો : 'પ્લીઝ ડૉક્ટર ?... ગ્રેસને તાર... ન્યૂયૉર્ક...' અને આટલો પરિશ્રમ પણ ભારે હોય તેમ દર્દથી, ધીમા દર્દથી આંખો બંધ કરીને એણે ઓશીકા પર પોતાનું માથું ઢાળી દીધું.

## પોતાના અનુભવથી શીખતાં રહો

યાદ એટલે ?

સાથે ન હોવા છતાં સાથે રહેવું...

આપણા ભૂતકાળથી મોટો મોટીવેટર, દુનિયામાં ક્યાંય નથી.

પોતાના દરેક અનુભવથી શીખતાં રહો, કેમકે તમારી જિંદગીમાં ધરખમ ફેરફાર તમારા સિવાય દુનિયાની કોઈ વ્યક્તિ નહીં કરી શકે...

'નદીમાં પડવાથી કોઈનું મૃત્યુ નથી થતું સાહેબ, જીવ એટલા માટે જાય છે કે પાણીમાં તરતાં નથી આવડતું.'

'પરિસ્થિતિ ક્યારેય સમસ્યા નથી બનતી, સમસ્યા એટલા માટે થાય છે કે આપણને પરિસ્થિતિ સામે લડતાં નથી આવડતું.'

લગ્નના સફેદ સુંદર પોશાકમાં પોતે કેટલી સોહામણી લાગતી હતી ! પોતે અને જ્યૉર્જ આમ જ ફોટા પડાવ્યા હતા ને ઓહ ! આજે જ્યૉર્જ આટલો બધો કેમ યાદ આવે છે ? હવે તો પોતે અને પીટર...

ગ્રેસ આમ વિચારી રહી હતી ત્યાં જ બારણા પરની 'કૉલબેલ' રણકી ઊઠી : 'ટરરર...ટન્ !'

ગ્રેસે બારણું ઉઘાડ્યું, હાથમાં તાર લઈને તારવાળો ઊભો હતો. સહી કરી, તાર હાથમાં લઈ તે અંદર વળી : 'બે તાર કોના હશે ?' તે મૂંઝવણમાં પડી ગઈ. પણ તરત જ તેને વિચાર આવ્યો : 'કોન્ગ્રેચ્યુલેશનના જ હશે.'

તાર ફોડીને વાંચતાં વાંચતાં તેના હાથ ધ્રૂજી ઊઠ્યા ! બેઉ તારમાં લખ્યું હતું : 'જ્યૉર્જ એસ્કેઈપ્ડ ડેથ. વેરી મચ એલાઈવ.' એકમાં ગઈ કાલની, જ્યારે બીજામાં ઓગણત્રીસ દિવસ પહેલાંની તારીખ હતી ! ગ્રેસનું બેબાકળું મન માની શકતું નહોતું ! શું જ્યૉર્જ – પોતાનો જ્યૉર્જ – જીવતો છે ? તેનાથી બોલી જવાયું, 'પ્રભુ ! તું મહાન છે ! તાર એક દિવસ મોડો આવ્યો હોત તો ?'

ફરી 'કૉલબેલ' રણકી. બારણું ઉઘાડતાં પીટર દાખલ થયો અને ગ્રેસને જોઈ બોલ્યો : 'અરે ગ્રેસ ! લગ્ન તો હજી આવતી કાલે છે ને તેં તો અત્યારથી જ ડ્રેસ ચડાવી લીધો ? આ ડ્રેસમાં કેવી મનમોહક લાગે છે તું ? પણ ગ્રેસ ! તું કેમ આટલી ફિક્કી પડી ગઈ છે ?'

ગ્રેસે બેઉ તાર પીટરના હાથમાં મૂક્યા. વાંચીને પીટરનું દિલ ભાંગી ગયું. પણ તે સજ્જન મિત્ર અને સહૃદયી પ્રેમી હતો. સ્વસ્થતા ભેગી કરતાં એણે કહ્યું : 'ક્યારે, કાલે જ ઊપડીશ ને ગ્રેસ ?'


'પીટર ! પીટર ! ખરેખર તું મહાન છે !' આભારના ભારે દબાતી ગ્રેસ બોલી.

બીજે દિવસે ઍરપૉર્ટ પરથી ગ્રેસવાળું વિમાન દક્ષિણ વિયેટનામ જવા ઊપડ્યું ત્યારે એ વિમાનના ચકરાવા સાથે નિરા પીટરનું છાની રીતે આક્રંદતું મન પણ ચક્કર ચક્કર ચકરાવો લઈ રહ્યું હતું.

✶ ✶ ✶

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



# અદ્‌ભુત શિક્ષિકા, અદ્‌ભુત લિસ્ટ



એક દિવસ એક શિક્ષિકાબહેને નવમા ધોરણના વિદ્યાર્થીઓને બે મોટા કાગળમાં પોતાના ક્લાસના વિદ્યાર્થીઓનાં નામ લખવા કહ્યું. દરેક નામની સામે તેમ જ નીચે બે લીટી ખાલી રાખવાનું કહ્યું. વિદ્યાર્થીઓને નવાઈ લાગી. થોડીક ઈન્તેજારી પણ થઈ કે બહેન શું કરવા માગે છે ?

શિક્ષિકાબહેને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના નામની સામે જે તે વિદ્યાર્થીના સૌથી સારા ગુણો બધાને યાદ આવે તેટલું લખવાનું કહ્યું. દરેકે દરેક વિદ્યાર્થીના સદ્‌ગુણને યાદ કરીને લખવામાં બધા વિદ્યાર્થીઓને ખાસ્સી વાર લાગી. આ નવતર પ્રયોગનો આનંદ પણ આવ્યો. ક્લાસનો બાકીનો સમય પણ આ જ કામમાં પૂરો થયો. શાળા છૂટ્યા બાદ દરેકે પોતાનું લખાણ શિક્ષિકા-બહેનને સુપરત કરીને વિદાય લીધી.

અઠવાડિયાના અંતે શિક્ષિકા-બહેને દરેક વિદ્યાર્થીના નામવાળો એક એક કાગળ તૈયાર કર્યો. પછી તેના પર દરેક વિદ્યાર્થીએ તેના વિશે શું સરસ લખ્યું છે તેની યાદી તૈયાર કરી. સોમવારે ફરીથી ક્લાસ મળ્યો ત્યારે તેમણે દરેકને પોતાના નામવાળું લિસ્ટ આપ્યું. દરેક વિદ્યાર્થી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.દરેકના મોઢેથી આશ્ચર્યના ઉદ્‌ગાર સરી પડ્યા.

અરે! ભગવાન! બધા મારા વિશે આટલું સરસ વિચારે છે ?

દરેકના હૃદયમાં મારા માટે આટલું બધું સન્માન હશે ? આવું તો મેં ક્યારેય સપને પણ વિચારેલું નહીં! બધા મને આટલું ચાહતા હશે તેની કલ્પના પણ મેં ક્યારેય નહોતી કરેલી.

આંખમાં આંસુ સાથે દરેક વિદ્યાર્થી આવા ઉદ્‌ગારો વ્યક્ત કરતો ગયો. પોતાનું મહત્ત્વ બીજાને મન આટલું બધું હશે એ કોઈના માનવામાં નહોતું આવતું! એ દિવસ પૂરો થયો. ત્યારબાદ બધા જ વિદ્યાર્થીઓ એકબીજા સાથે હળીમળીને જ રહ્યા. કોણે કોના વિશે શું લખ્યું હતું તે કોઈ જાણતું ન હતું. એટલે બાકીનાં વર્ષો દરેક જણે લાગણી ન દુભાય તેનો બરાબર ખ્યાલ રાખ્યો.

મહિનાઓ વીતી ગયા. આ વાત પણ ભુલાઈ ગઈ.

પણ વર્ષો પછી એ જ શહેરનો એક વિદ્યાર્થી વિયેટનામની લડાઈમાં માર્યો ગયો. એનું નામ માર્ક હતું. એનું શબ ગામમાં લાવવામાં આવ્યું. દેશને ખાતર ખપી જનાર જવાંમર્દને શ્રદ્ધાંજલિ આપવા લોકો ઊમટી પડ્યા. પેલાં શિક્ષિકાબહેન પણ તેમાં સામેલ હતા. જ્યારે તેમણે અશ્રુભરી આંખે – મારા વહાલા વિદ્યાર્થી! – એમ કહીને કોફીન ઉપર ફૂલો વેર્યાં ત્યારે બાજુમાં ઊભેલ એક અન્ય સૈનિક નજીક આવ્યો. ધીમેથી તેણે કહ્યું,'શું તમે જ માર્કના નવમા ધોરણના ક્લાસટીચર છો, મેડમ ?'

'હા, કેમ ?' શિક્ષિકાબહેનને આશ્ચર્ય થયું.

'ના કંઈ નહીં. માર્ક તમારા વિષે હંમેશાં ખૂબ જ કહેતો રહેતો. તમને એ હંમેશાં અતિઆદરથી યાદ કરતો.'

ત્યાર પછી ત્યાં હાજર રહેલા સમુદાયમાં થોડીક ગુસપુસ શરૂ થઈ ગઈ.

અંતિમ ક્રિયા પતી ગયા પછી પ્રાર્થના માટે બધા એકઠા થયા. ત્યારે એક સજ્જન પેલાં શિક્ષિકાબહેનની પાસે આવ્યા અને અત્યંત માનપૂર્વક બોલ્યાં, 'નમસ્તે! તમે જ માર્કના નવમા ધોરણના ક્લાસટીચર છોને ?'

'હા, કેમ ?' શિક્ષિકા બહેને પૂછ્યું

'જુઓ, માર્ક મરાયો ત્યારે એના ખિસ્સામાંથી આ કાગળ મળેલો. એના પર માર્કે પોતાના હાથે લખ્યું છે કે,– 'નવમા ધોરણના અતિ આદરણીય ક્લાસટીચર તરફથી મળેલી સર્વોત્તમ ભેટ !'

*આપણે આપણા મિત્રો, સ્નેહીઓ તેમ જ સગાવહાલાઓને કહી કે આપણે એમને કેટલા ચાહીએ છીએ, આપણા માટે એ લોકો ખૂબ જ મહત્ત્વના છે, આપણે એમને ખૂબ જ આદરથી જોઈએ છીએ, એ લોકોના ક્યા સદ્‌ગુણો આપણને પ્રેરણા આપે છે અને મુશ્કેલીના સમયમાં માર્ગદર્શન પણ આપે છે.*

સેલોટેપ વડે ઠેકઠેકાણેથી ચોંટાડેલો એ કાગળ કેટલી બધી વખત ખોલેલો અને ફરીથી ગડી કરીને વળાયેલો હશે એ એની સ્થિતિ પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. કાગળ જોઈને શિક્ષિકા બહેન ગળગળા થઈ ગયા. એ પેલો જ કાગળ હતો જે એક દિવસ એમણે ક્લાસના દરેક વિદ્યાર્થીને એમના અંગે બીજા વિદ્યાર્થીઓ શું સરસ વિચારે છે તે નોંધીને આપેલો.

'બહેન!' માર્કની જ બેરેકમાં સાથે રહેલો અન્ય એક સૈનિક બોલ્યો. 'માર્ક હંમેશાં કહેતો કે આ કાગળ એના જીવનની સૌથી અમૂલ્ય ભેટ હતી.'

એ જ સમયે એક અન્ય યુવતી ત્યાં આવી. બોલી, 'હા બહેન! મારા પતિએ પણ એમનો આવો જ કાગળ મઢાવીને ફ્રેમ કરાવીને ઘરમાં રાખ્યો છે!'

'અરે મારા પતિએ તો અમારા લગ્નના આલબમમાં સૌથી પ્રથમ પાને આવો જ કાગળ લગાવ્યો છે !'

'અને હું તો માર્કની જેમ જ આ કાગળ મારા ગજવામાં જ રાખું છું. મારી જિંદગીની પણ એ એક કીમતી

(વધુ માટે જુઓ પાનું ૩૨)

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP

સ્ટેશન પરના અવાજો અને ચહલપહલના કારણે આંખ ખૂલી ગઈ. કાચી ઊંઘનો થાક આંખમાં કણાંની જેમ સહેજ ખૂંચ્યો. જાગીને સૌથી પહેલા સામાન પર એકવાર નજર ફેરવી લીધી. ઊંઘમાં વિખરાયેલા વાળને બે હાથે પકડીને અંબોડામાં બાંધ્યા. બહાર ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો.બારી પાસે મૂકેલા પુસ્તકના પાના પર વાછટ લાગી છે કે નહીં એ જોઈને મેં મારી સ્કાય બ્લૂ રંગની સાડીના પલ્લુથી પુસ્તક લૂંછી લીધું. સહેજ ઝૂકીને મેં સ્ટેશનનું નામ વાંચ્યું. એક ધબકારો ચૂકી ગઈ. અંકિત, આ તો તારું શહેર છે. આમ તો મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું તારા શહેરમાં આવીશ એ પણ આટલાં વર્ષો પછી. આમ તો હું તારા શહેરમાં છું એવું કહી જ ન શકાય, કેમ કે હું નીચે નથી ઊતરી. બેસી રહી છું ટ્રેનની બારીના સળિયા સજ્જડ પકડીને. ટ્રેનમાં ચડી ત્યારે અંદાજ હતો કે તારું શહેર રસ્તામાં આવશે જ. મેં નક્કી કરેલું કે ભલે આવે પણ હું આંખો બંધ રાખીશ. સજ્જડ બંધ. સૂઈ રહીશ એટલે ખબર પણ નહીં પડે કે તારું શહેર ક્યારે આવ્યું અને ક્યારે જતું રહ્યું. ખબર નહીં તોય મારી આંખ અહીંયાં આવતા કેમ ખૂલી ગઈ.

સહેજ અકળામણ જેવું થાય છે. બહાર નીકળવાનું મન થયું પણ બેસી રહીશ. પછી અંબોડામાંથી છૂટી પડેલી લટને બમણા ઝનૂનથી કાન પાછળ ધકેલી બંને હાથથી ચહેરો ઘસીને સાફ કરી નાખું છું અને ખુદને સમજાવું છું કે ના અનાહિતા, અહીં જ બેસી રહે. ક્યાંય જવાની જરૂર નથી. ફરી બારી બહાર જોઈ રહી. એવું લાગ્યું કે બહાર ઊભેલા દરેક લોકો મારી તરફ આંગળી ચીંધીને કહી રહ્યા છે કે આ તો પેલા અંકિત સાથે હતી એ જ અનાહિતા છે. હું એકદમથી ઊભી થઈ ગઈ. મોટાં મોટાં ડગલાં ભરીને ટ્રેનના દરવાજે ઊભી રહી ગઈ. બહાર વાતાવરણ વરસાદી હતું. સાંજના ચાર વાગ્યા હતા. એકવાર તારા શહેર પર એક નજર કરી અંકિત. ઊંડા શ્વાસ લીધા. કોઈ પરિચિત સુગંધ જાણે કે મારા ફેફસામાં ભરાઈ. તરત જ ડરની મારી એક ડગલું પાછળ હટી ગઈ. તને એક વાત કહું અંકિત, તારા શહેરની ગંધમાં પણ તું જ છે. છોભીલી પડી જાઉં છું. વરસાદ સાથે પવન



# તારા શહેરમાં !

*એકવાર તારા શહેર પર એક નજર કરી અંકિત. ઊંડા શ્વાસ લીધા. કોઈ પરિચિત સુગંધ જાણે કે મારા ફેફસામાં ભરાઈ. તરત જ ડરની મારી એક ડગલું પાછળ હટી ગઈ. તને એક વાત કહું અંકિત, તારા શહેરની ગંધમાં પણ તું જ છે. છોભીલી પડી જાઉં છું.*

છે. કોટન સાડીનું પલ્લું પણ હવામાં ફાવતું નથી એ રીતે લહેરાઈ રહ્યું છે. અંબોડાની ખાસ્સી લટો નીકળી આવી એટલે વાળ છોડી નાખ્યા. વાળ ઊડ્યા અને ઠંડો પવન પીઠ પર અથડાયો. એક ધબકારો ચૂકી ગઈ કે તારા શહેરના પવનમાં પણ તારા આંગળાનો સ્પર્શ અકબંધ છે. મારા કપાળ અને છાતી પર ઝીણા વરસાદનો ભેજ છે કે તારા સ્પર્શથી વળેલો પરસેવો એ હું નક્કી નથી કરી શકતી. બાજુમાં રેલવેનો બીજો ટ્રેક છે અને એ પાટા પર કોઈ અજાણ્યા નાના છોડ ઊગ્યા છે. નક્કર લોખંડ વચ્ચે કૂંપળનું ફૂટવું એ જોવું ગમે પણ એનું અસ્તિત્વ કેટલો સમય ? કદાચ આપણા સંબંધ જેટલું જ. જો હું અત્યારે અદબ વાળીને હોઠ દૃઢતાથી ભીડીને ઊભી છું કેમ કે મારે કોઈ ફરિયાદ નથી કરવી. તને હંમેશાં એવું જ લાગતું હતું ને અંકિત કે હું જ ફરિયાદ કરું છું, જો કાયમ માટે ચૂપ થઈ ગઈ. અત્યારે એ પાટા ખુલ્લા છે. થોડા સમય પહેલાં ત્યાં પણ કોઈ ટ્રેન હશે જ ને. જેમ અત્યારે આ ટ્રેન અહીં ઊભી છે એમ. એનો સમય આવ્યે એ પણ જતી રહેશે. પાછળ બધું એમનું એમ રહેશે જેમ તારા ગયા પછી હું રહી ગઈ એમ, એમની એમ.

તું તારા ઘરની બારી પાસે બેસીને લખી રહ્યો હોઈશ. પવનમાં તારા પુસ્તકનાં પાનાં ફરફરી રહ્યાં હશે. તારી બાજુમાં મુકાયેલા ચાના મગમાંથી આછી વરાળ નીકળી રહી હશે. તારા ટેબલની આસપાસ પુસ્તકોની ભેજવાળી ગંધ પથરાયેલી હશે. તું લખતો લખતો અટકી જઈશ અને બારી બહાર વરસતા વરસાદને જોઈશ ત્યારે તને તો ખબર પણ નહીં હોય કે તારા શહેરમાં હું આવી છું, અને જતી પણ રહેવાની. કેવું કહેવાય કે આટલા બધા માણસોથી ધબકતા આ શહેરની ઓળખ મારા માટે તો માત્ર તારું શહેર છે. તને અત્યારે થોડીવાર અનુભવાતું હશે કે વરસતા વરસાદમાં હું આવી છું, નહીં આવવા બરાબર. ખબર નહીં ટ્રેનની વ્હીસલ વાગી . ટ્રેન ધીમે ધીમે પ્લેટફોર્મ છોડી રહી છે. હું આગળપાછળ જોયા વિના મારી જગ્યાએ ગોઠવાઈ જાઉં છું. ખબર નહીં કેમ પણ આંખમાં આંસુ આવી જાય છે વારંવાર. આંખોના નંબર વધી ગયા છે. બહુ દૂરનું જોવાનું હવે બંધ કરવું પડશે. તારું શહેર છૂટી રહ્યું છે ધીમે ધીમે અને તું ત્યાં જ છે હજુ પણ અકબંધ. ✷✷✷

**Ketan Sanghavi**
+91-9969284838

Investment **Ideas**

GOLD • SILVER • STOCK
COMODITY • CURRENCY
PROPERTY • INSURANCE

Mail ID : ketansanghavi@yahoo.com

(Advt.)

www.zalawadi.com


Digitalised By ITDESK SOLUTIONS LLP



દરેક પતિ-પત્નીએ વાંચવાલાયક લેખ

## 'હું નહીં હોઉં !'

તું શોધીશ મને ચારે બાજુ, ભટકીશ ખૂણે-ખૂણે, પણ દુનિયાનાં કોઈ પણ ખૂણે, હું નહીં હોઉં.

તું ઇચ્છીશ કે હું તારી સાથે રહું, પણ રાત્રે પડખું ફેરવીશ ત્યારે, તારા પડખામાં હું નહીં હોઉં.

